Published from : B/5, Swastik Apt.
Narayannagar, Paldi, Ahmedabad - 380 007

Published on 10th of every month
Yearly Subscription Rs. 50/-

હરિઃ ૐ

# હરિભાવ

Year : 20 - Issue : 01

October, 2015



સંતભક્તોનાં જીવનચરિત્રો વાંચી જુઓ. જગતે તેમની અવગણના કરેલી છે અને તેમની કદરભક્તિ તો બહુ જ થોડા જીવોએ દાખવેલી છે. બધાંનો પ્રેમભાવ લેવાને જે કોઈ ભટકે છે, તેનાથી આ માર્ગનું કશું વળી શકવાનું નથી. આપણે તો એકમાત્ર એનો પ્રેમભાવ મેળવવો છે. તેમ છતાં આપણે કોઈની અવગણના પણ કરવાની નથી.

- શ્રીમોટા

*'જીવન દર્શન', ૧૧મી આ., પૃ. ૨૭૭*



પૂજ્ય ભાઈશ્રી નંદુભાઈ સાથે ભાદરણવાળા પૂજ્ય સ્વામી શ્રી કૃષ્ણાનંદજી બિરાજમાન છે. તેઓશ્રીએ પૂજ્ય ભાઈને માટે જે કાવ્ય રચના કરેલી, તે આ અંકના પાન નં. ૨૫ ઉપર પ્રકાશિત કરાઈ છે.

પ્રકાશન સ્થળ :
બી/૫, સ્વસ્તિક એપાર્ટમેન્ટ,
નારાયણનગર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭

'હરિવાણી ટ્રસ્ટ' દ્વારા પ્રકાશિત જીવનવિકાસની ભાવના પ્રસારતું માસિકપત્ર

# હરિભાવ

સંપાદક : પ્રભુદાસ જાની
સહાયક : વિવેક દેસાઈ

વર્ષ : ૨૦ અંક : ૧ ઑક્ટોબર, ૨૦૧૫

## અનુક્રમ


૧. આભાર શ્રી હરિનો અને આપ સર્વેનો ............ સંપાદક ૪
૨. પુરુષાર્થ બળવાન છે, પણ ધ્યેય નથી ............ શ્રીમોટા ૫
૩. યોગ એક જીવનકળા ....................... વિનોબાજી ૬
૪. પૂજ્ય શ્રીમોટા : મારા કુટુંબનું સર્વસ્વ ........ પી.ટી.પટેલ ૭
૫. મોહ-સંસ્કાર ને છુટકારો ....................... શ્રીમોટા ૮
૬. અલર્કનો ગૃહસ્થાશ્રમ અને ગૃહત્યાગ.લલ્લુભાઈ ગોરધનદાસ ૯
૭. શ્રીજી મહારાજની આકરી કસોટી : ખાચર પરિવાર
.................................... આનંદ પ્રિયદાસજી ૧૧
૮. પ્રભુનો પ્રતિનિધિ : પુનિત મહારાજ (૪) ..... નરહરિ દવે ૧૩
૯. તાદાત્મ્યના ગુણ અંગે ......................... શ્રીમોટા ૧૫
૧૦.એકાંત : અલૌકિક ઔષધ .................... યોગેશ્વરજી ૧૭
૧૧.સમાધાનવૃત્તિ : શ્રીઉપાસની બાબા ........ સાંઈ શરણાનંદ ૧૮
૧૨.શ્રી એમ. (સંક્ષિપ્ત જીવનચરિત્ર) ... સં. કરસનભાઈ પટેલ ૧૯
૧૩.સ્વસુખાર્થે પરપીડનની વૃત્તિવાળી સંસ્કૃતિ
નાશ પામે છે : ઇતિહાસ ...................... શ્રીમોટા ૨૬


## જ્ઞાનદાન

પૂજ્ય શ્રીમોટાના બાલાશિનોર નિવાસી સ્વજન શ્રી **મુકુન્દભાઈ પરીખ દ્વારા તેમના દોહિત્ર શ્રી હર્ષ અનિલભાઈ પરીખ**ના જન્મદિન ૨/૯ નિમિત્તે તેમ જ બોસ્ટન, અમેરિકામાં MBAની પરીક્ષામાં ચિ. હર્ષ ઉત્તીર્ણ થયાની ખુશાલીમાં હરિભાવના આ અંકના પ્રકાશનમાં સપ્રેમ સહયોગ અપાયો છે, તે પરિવારના અમો ખૂબ ખૂબ આભારી છીએ. **– સંપાદક**

**ટ્રસ્ટીમંડળ**
શ્રી ગિરીશ પંડ્યા (મૅનેજિંગ ટ્રસ્ટી)
શ્રી પ્રભુદાસ જાની, શ્રી વિવેક દેસાઈ
શ્રી બીરેન પટેલ
શ્રીમતી દર્શિની સુનીલ ઉપાધ્યાય
શ્રીમતી નીમા મીનેષ અમીન

**સરનામાના ફેરફાર અંગે, 'હરિભાવ' ન મળવા અંગે તથા પૂછપરછ માટે સંપર્ક : શ્રી સુરેશ વૉરા**
Mo. / SMS / Whatsapp - 9427554391

**વાર્ષિક લવાજમ**
ભારતમાં રૂ. ૫૦/-
પરદેશ રૂ. ૬૦૦/- (ઍરમેઈલથી)
એકથી પાંચ વર્ષ સુધીનાં લવાજમ સ્વીકારાય છે.

**પત્રવ્યવહાર/લવાજમ/ભેટ/મોકલવા માટે**
'હરિવાણી ટ્રસ્ટ', C/o. ૧૧, દાદા રોકડનાથ સોસાયટી, નારાયણનગર, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન : (૦૭૯)૨૬૬૩૫૮૭૩
ભેટની રકમ ઈન્કમટૅક્સ ઍક્ટની કલમ ૮૦(જી) (૫) નીચે કરરાહતને પાત્ર છે.
ચેક/ડીડી 'હરિવાણી ટ્રસ્ટ' ના નામે લખવો

**ઈ-બૅંકિંગ : ખાતાનું નામ : 'હરિવાણી ટ્રસ્ટ'**
યૂકો બૅંક, નારાયણનગર બ્રાંચ, અમદાવાદ.
બચત ખાતા નં.: ૧૬૮૭૦૧૦૦૦૦૩૦૮૮
IFS Code : UCBA0001687
બૅંક દ્વારા રકમ મોકલતાં તેની સ્લીપ, નામ, સરનામું અને ફોન નંબર સાથે વિગત અમોને મોકલશોજી.
Email : hariwanitrust@gmail.com

**હરિઃૐ આશ્રમ, સુરતની વેબસાઈટ**
**www.hariommota.org** ઉપર
**હરિભાવ ઉપલબ્ધ હોય છે.**
ફોન : (૦૨૬૧)૨૭૬૫૫૬૪, ૨૭૭૧૦૪૬

ટાઈપ સેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર**, (૦૭૯)૨૭૫૪૩૬૯૯
* Subject to Ahmedabad Jurisdiction

## (૧) આભાર શ્રી હરિનો અને આપ સર્વેનો

સંપાદક

'હરિભાવ' ઓગણીસ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી આ અંકના પ્રકાશન સાથે વીસમા વર્ષની યાત્રાનો આરંભ કરી રહેલ છે.

પૂજ્ય શ્રીમોટા આ પ્રવૃત્તિના સર્વેસર્વા છે. એ અધિષ્ઠાતાને સાષ્ટાંગ દંડવત્ કરી પ્રણમીએ છીએ. હવેના પંથે એની શીતળ છાયા પ્રસરેલી રહે એમ પ્રાર્થીએ છીએ.

'હરિભાવ'નું પ્રિન્ટિંગ, ફોલ્ડિંગ, પીનિંગ, પેકિંગ અને પોસ્ટિંગ સુધીની કામગીરી 'આ કાર્ય પૂજ્ય શ્રીમોટાનું જ છે' એવી અડગ શ્રદ્ધાથી વર્ષોથી પૂરા સદ્ભાવથી સંભાળી રહેલ, સાહિત્ય મુદ્રણાલયના શ્રેષ્ઠી શ્રી શ્રેયસભાઈ વિષ્ણુપ્રસાદ પંડ્યાનો અને તેમના અધિકારી-કર્મચારીગણ માટે આભાર વ્યક્ત કરવા શબ્દસમૂહ ટાંચો પડે તેમ હોઈ મૌનભાવે દિલથી એમને વંદીએ છીએ.

'હરિભાવ'ના કમ્પોઝિંગમાં કોઈ વિલંબ કે રુકાવટ ન આવે એ માટે તકેદારી રાખતા અર્થ કૉમ્પ્યૂટરના શ્રી કનુભાઈ પટેલ અને ફોર કલર ટાઈટલની કામગિરી સુચારુ રીતે સંભાળી રહેલ શ્રી મયૂર જાનીના અમે આભારી છીએ.

હરિઃૐ આશ્રમ, સુરત અને હરિઃૐ સત્સંગમંડળ, અમદાવાદ, 'હરિભાવ' માટે લવાજમ/ભેટની રકમ સ્વીકારી અમોને સાથ આપી રહેલ છે. હરિઃૐ આશ્રમ, સુરતની વેબસાઈટ www.hariommota.org ઉપર 'હરિભાવ' ઉપલબ્ધ કરાય છે તે માટે આશ્રમના ટ્રસ્ટીમંડળના અમે ઋણી છીએ. મોતિયાની સર્જરીનો સમય આવ્યો ત્યાં સુધી ખૂબ જ ચોકસાઈપૂર્વક શ્રી જયંતિભાઈ જાનીએ હરિભાવની મુદ્રણશુદ્ધિનો સહયોગ આપ્યો છે તે બદલ એમના આભારી છીએ.

'હરિભાવ'ના પ્રકાશનમાં દર મહિને જ્ઞાનદાન-સૌજન્યનો સહયોગ જે સતત મળી રહ્યો છે તે માટે એ સર્વે દાતાઓના અમો ઘણા ઘણા આભારી છીએ.

પરિવારના કોઈ સભ્યની જન્મતારીખ અને પુણ્યતિથિ કે એવી બીજી મહત્ત્વની ઘટનાઓને નિમિત્તે સ્વજન-ગ્રાહકવર્ગ અને નામી-અનામી તરફથી સદ્ભાવ સાથે નાનીમોટી રકમનો, દાનભેટનો વણથંભ્યો જે પ્રવાહ છે તે અમને આર્થિક ટેકો આપી રહ્યો છે. એનાથી અમે અંતઃકરણથી ભીંજાયેલા રહીએ છીએ.

હમણાં પોસ્ટ ખાતાના અભિગમના કારણે હરિભાવના આજીવન ગ્રાહકોને ટ્રસ્ટીમંડળે નિયત કરેલ ફોર્મ્યુલા પ્રમાણે વાર્ષિક ગ્રાહકોમાં રૂપાંતરિત કરાયા છે. એનું અમને અસુખ તો છે જ, પણ ગ્રાહકવર્ગે જે ઉદારતા અને સમજણથી એનો સ્વીકાર કર્યો છે એ માટે અમારું શિર એ સર્વેને નમે છે.

હરિભાવની કરોડરજ્જુ એક રીતે આર્થિક સહયોગ છે, તો બીજી તરફ એનો વિશાળ, સુજ્ઞ વાચક વર્ગ (લગભગ ૭૩૦૦ જેવો) અમને પ્રોત્સાહિત રાખે છે. પોસ્ટ ખાતાને કારણે હરિભાવ સમયસર ન મળતાં તેની રજૂઆતોનો વેગ વધી રહ્યો છે. જે તે માસની આખર તારીખ સુધી રાહ જોયા બાદ શ્રી સુરેશભાઈ વૉરાનો મોબાઈલ નંબર ૯૪૨૭૫૫૪૩૯૧ ઉપર ફોન, એસએમએસ કે હરિવાણી ટ્રસ્ટના ઈમેઈલથી જાણ કરશોજી. પોસ્ટ ખાતામાં તપાસ કરવાનો કોઈ અર્થ નથી.

**(અનુસંધાન પાન નં. ૫ ઉપર)**

## (૨) પુરુષાર્થ બળવાન છે, પણ ધ્યેય નથી

**શ્રીમોટા**

**સ્વજન :** મોટા, પ્રારબ્ધ બળવાન કેમ ગણાયું હશે ?

**શ્રીમોટા :** મોટા ભાગના માણસોનું જીવન ટેન્ડન્સીઝ-વલણને આધારે વહે છે અને ટેન્ડન્સીઝ-વલણનું મૂળ ચિત્તમાં સંગ્રહાયેલા સંસ્કારો છે. એ સંસ્કારોની ટોટાલીટી-સમગ્રતા છે, એને પ્રારબ્ધ કહ્યું છે. જીવ-માત્ર પોતાની ટેન્ડન્સીઝ પ્રમાણે જ વહે જાય છે.

બધાં ટેન્ડન્સીઝ પ્રમાણે જ વર્તે છે. કોક જ એવો હોય જેને જીવનનો ધ્યેય હોય. એ વલણ પ્રમાણે નહિ વર્તે. એના ધ્યેયને સાનુકૂળ વલણ ન હોય તો એ પ્રમાણે એ નહિ વર્તે. એ પોતાના ધ્યેયને હિસાબે જ જાય. એવા ધ્યેયવાળા તો ગણ્યાગાંઠ્યા હોય.

તટસ્થતા વિના વલણમાંથી બહાર નીકળવું મુશ્કેલ છે. સામાન્ય માણસમાં તટસ્થતા ક્યાંથી જાગી હોય ? એટલે બધાં ટેન્ડન્સી પ્રમાણે જ વર્ત્યાં કરે. એટલે પ્રારબ્ધ પ્રમાણે જે તે થાય છે, એવી માન્યતા થયેલી. પછી વિદ્વાનોએ અને કથા કરનારાઓએ એનું જોર વધારી દીધું.

આપણે ઈન્ટેલેક્ચ્યુઅલી (બુદ્ધિથી) અને સાયન્ટિફીક (વૈજ્ઞાનિક) રીતે વિચારીએ તો પુરુષાર્થ બળવાન છે. આપણે ધારીએ એમ કરી શકીએ. પણ આપણું ધ્યેય એ પ્રકારનું હોતું નથી. લીલમાં પગ મૂકતાં લપસ્યાં કરીએ, એમ આપણે લપસ્યાં કરીએ છીએ.

તટસ્થતા પ્રગટે તો જ આપણે ટેન્ડન્સી-વલણને સમજી શકીએ અને ત્યારે જ એનાથી બીજી રીતે વર્તવાને આપણે તૈયાર થઈ શકીએ. એનું શું પરિણામ આવે તે સમજી શકીએ. ત્યારે જ એનાથી બીજી રીતે વર્તવાને આપણે તૈયાર થઈ શકીએ.

તટસ્થતા જન્મવા માટે એ જાતનો પુરુષાર્થ કરવો પડે. તટસ્થતા કંઈ એમ ને એમ જન્મતી નથી. જીવદશામાં-પ્રકૃતિમાં રગદોળાયેલામાં તટસ્થતા હોતી નથી. આપણે એ પ્રકારે જીવ્યાં છીએ. ટેન્ડન્સી કંઈ આકાશમાંથી થોડી આવે છે ? એ તો આપણે કરેલાં એક્શન-કાર્ય પરથી સંસ્કારો પડ્યા છે, એમાંથી ઉત્પન્ન થાય છે. ટેન્ડન્સી જાગે એટલે આપણે એ પ્રકારનું કર્મ કર્યું છે એમ નક્કી થાય છે.

નકારાત્મક વલણ ઊઠે ને પોઝિટીવ-હકારાત્મક વલણ પણ ઊઠે. જેણે ધ્યેય નક્કી કર્યું છે એ તો પોઝિટીવ-હકારાત્મક વલણ પ્રમાણે ચાલવાનો.

સામાન્ય માણસને સ્વતંત્રપણે ઈનીસીયેટીવ હોતી નથી, પણ જેણે ધ્યેય નક્કી કર્યું છે તે માત્ર વલણ પ્રમાણે નહિ વર્તે.

'ગ્રહ ગ્રહણ', પ્ર.આ., પૃ.૩૩ ❑

**(અનુસંધાન પાન નં. ૪ ઉપરનું)**

હરિવાણી ટ્રસ્ટની હિસાબી-ઓડીટ સુધીની કામગીરી સંતોષકારક રીતે શ્રી સુરેશભાઈ વૉરા સંભાળી રહ્યા છે અને ઑફિસની ફાઈલો, રજીસ્ટર્સ, પત્રવ્યવહાર શ્રીમતી શાલ્મીબહેન ઠાકોર સંભાળે છે. એની નોંધ લેતાં સંતોષની લાગણી અનુભવીએ છીએ.

'હરિભાવ'ના સંપાદક તરીકે અમોને જે મોકળાશ અપાઈ છે તે માટે મેનેજિંગ ટ્રસ્ટીશ્રીનો અને સર્વ ટ્રસ્ટીઓનો આદર ભાવે આભાર વ્યક્ત કરીએ છીએ.

અંતમાં જાણે-અજાણે કોઈને અમારા કારણે મનદુઃખ થયું હોય તો ક્ષમા યાચીએ છીએ.

આગામી સમયમાં સર્વ કોઈનો સહયોગ મળતો રહે એવી પ્રાર્થના સાથે સર્વને સાદર પુનઃ પુનઃ હરિઃૐ. ❑

# (૩) યોગ એક જીવનકળા

**વિનોબાજી**

આપણે દુનિયાભરના લોકોને મળીએ છીએ, પરંતુ કોઈ દિવસ પોતાની જાતને મળવા ઉત્સુક હોતા નથી. અરીસામાં જાતને જોઈને માની લઈએ છીએ કે ખુદને જોઈ લીધી, પરંતુ તે સાચી મુલાકાત નથી. પોતાની મુલાકાતને તો યોગ કહેવાયો છે.

સાંખ્યનો અર્થ છે - 'સિદ્ધાંત' અથવા શાસ્ત્ર અને યોગનો અર્થ છે કલા. જ્ઞાનદેવ મહારાજ સાક્ષી પૂરે છે કે યોગીઓએ જીવનકળા સાધી લીધી છે. સાંખ્ય અને યોગ અથવા શાસ્ત્ર અને કળા એ બંનેથી ગીતા ભરપૂર છે.

કર્તવ્ય નિશ્ચય થયા વિના સાધનાનો આરંભ જ નથી થતો. કર્તવ્ય નિશ્ચય એ યોગ-બુદ્ધિનું પ્રથમ સ્વરૂપ છે. નિશ્ચય પછી એકાગ્રતા અર્થાત્ સાધનામાં તન્મયતા, ફળપ્રાપ્તિ તરફ ધ્યાન ન રાખતાં સાધનામાં લીન થઈ જવાની વૃત્તિ. આ થઈ બીજી મંજિલ. તેનાથી આગળની મંજિલ છે ચિત્તની નિર્વિકાર દશા અથવા સમતા અથવા સમાધિ. અહીં બુદ્ધિ સ્થિર, અચલ થઈ જાય છે એટલે સ્થિતપ્રજ્ઞતા પ્રાપ્ત થઈ જાય છે. આમ યોગબુદ્ધિની ચાર મંજિલ છે. (૧) સાધનનિશ્ચય (૨) ફલનિરપેક્ષ-એકાગ્રતા, (૩) સમતા કે સમાધિ અને (૪) સ્થિર સમાધિ, સ્થિતપ્રજ્ઞતા.

समत्वं योगः उच्चयते । યોગ એટલે સમતા. માન-અપમાન, હાર-જીત, સફળતા-નિષ્ફળતા. પરંતુ એટલાથી યોગ નહિ બને. નિષ્કામ કર્મ, ભક્તિ અને જ્ઞાન આ ત્રણેને સમાન માની તેને જોડવાથી યોગ બને છે. જો કર્મ નથી કરતા તો ભક્તિ હવામાં રહેશે. જ્ઞાન પણ વીર્યહીન બની જશે. ભક્તિ ન રહી તો કર્મ શુષ્ક બની જશે. જ્ઞાન ન હોય તો કર્મમાં જડતા આવી જાય છે. અધ્યાત્મશાસ્ત્રમાં આ ત્રણેયના યોગને 'યોગ' નામ આપ્યું છે.

શુકદેવ મહારાજે ભાગવતમાં કહ્યું છે કે **મનનું સમાધાન એ સર્વશ્રેષ્ઠ યોગ છે.** જેટલા યોગ છે, તે બધાના મૂળમાં ક્યાંક ને ક્યાંક મનોનિગ્રહ રહેલો છે-ચાહે તે જ્ઞાનયોગ હોય, કર્મયોગ હોય કે ભક્તિયોગ હોય. મનનો યુક્તિપૂર્વક, ભલેને પછી સાકર ભેળવીને પણ, નિરોધ કરવો જ જોઈએ. ચિત્તનું સમાધાન, સામ્ય 'પરોયોગ' છે.

યોગશાસ્ત્રના મૂળ પ્રવક્તાનું નામ હિરણ્યગર્ભ હતું. આ વિષય પર પતંજલિ મુનિએ લખેલો ગ્રંથ આજે ઉપલબ્ધ છે. તે યોગ પરનો સર્વોત્તમ ગ્રંથ મનાય છે. એ ગીતા પછી ઘણા સમયે અને સંભવતઃ બુદ્ધની પછીનો ગ્રંથ છે. તેમાં યોગની વ્યાખ્યા કરી છે. 'યોગશ્ચિત્તવૃત્તિ નિરોધઃ' **યોગનો સંબંધ મનઃશક્તિ અને પ્રાણશક્તિ સાથે છે. પ્રાણશક્તિ ગતિ આપે છે અને મનઃશક્તિ દિશા બતાવે છે.** બંનેનો ખૂબ જ નિકટનો સંબંધ છે. આત્માની અનંત શક્તિના જ્ઞાન માટે આ બંને શક્તિનો નિરોધ કરવો પડે છે. એટલે કે બંનેને વશમાં રાખવાં પડે છે.

યોગનાં આઠ અંગ છેઃ- યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ આ પાંચ યમ છે. તેને મહાવ્રતો પણ કહે છે. આ પાંચ મહાવ્રતોના નિરપવાદ પાલનથી મનઃશુદ્ધિ અને આસન-પ્રાણાયમ દ્વારા પ્રાણશુદ્ધિ થાય છે. યમોના નિરપવાદ પાલનથી મન દ્વારા આત્માની અવ્યક્ત શક્તિ પ્રગટ થાય છે.

અતિ પ્રાચીન કાળથી યોગશાસ્ત્રનું જ્ઞાન ભારતમાં હતું. વેદ-ઉપનિષદમાં પણ તેનો ઉલ્લેખ છે.

'ભૂમિપુત્ર', તા. ૧-૬-૨૦૧૫માંથી સાભાર ❑

## (૪) પૂજ્ય શ્રીમોટા : મારા કુટુંબનું સર્વસ્વ

પી. ટી. પટેલ

પૂજ્ય મોટાનું નામ પ્રથમ મેં સન ૧૯૫૬ના ડિસેમ્બરમાં સુરતના મારા વહેપારી મિત્ર શ્રી બાબુભાઈ રણછોડદાસ મારફત સાંભળ્યું હતું. એ પછી થોડોક પરિચય થતાં હું અવારનવાર હરિઃૐ આશ્રમે જવા લાગ્યો અને પૂજ્ય મોટાના સહવાસ ને સાંનિધ્યમાં થોડો થોડો આવતો થયો. પણ પૂજ્ય મોટાને પૂર્ણપણે ઓળખેલા તો નહિ જ !

સન ૧૯૫૮માં રામનવમીના દિવસે મારી ઉપર પૂજ્ય મોટાનો એક પત્ર આવ્યો. તેમાં તેમણે લખેલું કે : 'ભાઈ પી. ટી., **રામનવમી મારો હનુમાન કૂદકાનો દિવસ છે.** આ દિવસે તમે ડહીબા (ધર્મપત્ની) સાથે ગાડી લઈને આવો તો હું (મોટા), મથુરીબેન ખરે અને તમે (પી.ટી.) ગળતેશ્વર જઈ એક દિવસ રહીએ.'

આથી, વહેલી સવારે હું મારી પત્ની સાથે આશ્રમે ગયો. હનુમાન કૂદકો શું છે તે હું સમજેલો નહિ, એટલે મેં પૂજ્ય મોટાને પૂછ્યું. તો તેમણે જણાવ્યું કે : **'જીવદશામાંથી શિવદશામાં જાય તે હનુમાન કૂદકો કહેવાય !'**

આશ્રમ છોડ્યા પછી પૂજ્ય મોટાએ મને જણાવ્યું કે : 'તમને ડ્રાયવીંગ આવડે છે તો તમે ગાડી ચલાવો.' પછીથી ધીમે રહીને કહ્યું : 'આ કંપનીવાળાએ માઈલોમીટર ૧૪૦નું બનાવ્યું છે તો એટલી ઝડપે ગાડી ચલાવી શકાય ખરી ?'

મેં ના પાડી, પણ છતાં તેમણે મને તેટલી જ ઝડપે ગાડી ચલાવવા આગ્રહ કર્યો અને તે વખતે મેં દબાવી. ગાડી ૧૦૦...૧૧૦.. ૧૨૦...૧૩૦... ક્યાં સુધી જાય છે તેની મને ખબર પડી નહિ ! તે વખતે મથુરીબેનનું ભજન ચાલુ હતું. ગાડી જમીનથી દોઢ ફૂટ ઊંચે ચાલતી હોય તેમ લાગ્યું ! આ વેળાએ પૂજ્ય મોટા મારી પીઠ થાબડી રહ્યા હતા ! સૌથી અદ્‌ભુત વાત તો એ કે મને આ દિવસે શ્રીરામનાં દર્શન થયેલાં !

૧૯૭૨ના રામનવમીના દિવસે મને ઉજવણી કરવાની કહી છે. તેની પાછળ પણ પૂ.મોટાનો કંઈક સંકેત હશે જ ! ૧૯૬૫માં પૂ.મોટાનો પ્રથમ દીક્ષાદિન ઊજવવાની તક મને મળેલી. આ એક જૂની વાત છે. એક વખત હું આશ્રમમાં ગયો હતો ત્યારે પૂ.મોટાએ મને કહ્યું : 'ભઈલા ! હું ભિખારી છું. મારી પાસે પૈસા નથી. જો હોય તો હું તમાકુ ખરીદી લઉં !'

આ વાતનો મર્મ હું સમજી ગયો અને મારા મોટાભાઈના દીકરાનું બીજે દિવસે લગ્ન હોવા છતાં પણ હું તમાકુ ખરીદવા નીકળી પડ્યો. તમાકુ ખરીદી લીધી અને તેમાં મને સારા પૈસા મળ્યા !

અત્યારે મારી જે આર્થિક, સામાજિક કે રાજકીય સ્થિતિ છે તે સર્વ પૂ.મોટાને આભારી છે. **આજે તો પૂ.મોટા મારા કુટુંબ માટે સર્વસ્વ બન્યા છે !**

હું હજુ મોટાને પૂર્ણપણે ઓળખી શક્યો નથી, અને મારી પાસે તેમને સંપૂર્ણપણે ઓળખવાની શક્તિ પણ નથી. વળી, મારી પાસે આપવાની તેમ જ તેઓ મને જે કંઈ આપે તે જીરવી શકવાની પણ શક્તિ નથી. પરંતુ મને એક જાતની આશા, શ્રદ્ધા ને આસ્થા છે.

પૂ.મોટા મને એક પત્રમાં લખે છે કે : 'વહાલા પી.ટી., તમારા જીવનના અંતિમ સમયે હું તમારી પાસે બેઠો હોઈશ અને આ જીવ સાથે જે જે જીવો સંકળાયેલા છે તે બધા જ આવતા જન્મે, ભગવાને મને જે શક્તિ આપી છે તેનું ચાલશે તો, મારી સાથે હશે જ.'

-તો, આ સંસારમાં મનુષ્ય જીવને આનાથી વધારે રૂડું, રૂપાળું બીજું શું હોય ?

આપણે જોઈએ છીએ કે, પૂ.મોટા હરતીફરતી સર્વરોગ સંપન્ન હોસ્પિટલ છે ! તેમનામાં કયો રોગ નથી એ કોયડો છે ! પણ આ સ્વજનોનાં લફરાં જ છે ! સદ્‌ગુરુ તેમના ભક્તો અને શિષ્યો માટે શું કરે છે અને શું નથી કરતા તે આપણે અજ્ઞાની લોકો સમજી શકતા નથી !

ગુજરાતના માધવ (શ્રીકૃષ્ણ), મૂળુ (સ્વામી દયાનંદ), મોહન (મહાત્મા ગાંધીજી) અને મોટા જેવી ભેટ ભારતના કોઈ પણ પ્રાન્તે હજુ સુધી આપી નથી.

ગુજરાતનું થોડું સદ્‌ભાગ્ય છે કે પૂ.મોટાને થોડોક સમુદાય ઓળખતો થયો છે, હજુ મોટો જનસમુદાય પૂ.મોટાને ઓળખી શક્યો નથી. પૂ.મોટાનું સ્થૂલ શરીર છે ત્યાં સુધી જીવનવિકાસ અંગે જે કંઈ પ્રગતિ કરવી હોય તે કરવાની ઉમદા તક ચૂકવી ના જોઈએ. તે માટે હું ગુજરાતનાં સૌ ભાઈબહેનોને વિનંતી કરું છું.

પૂ.શ્રીમોટા 'મુક્તાત્મા' છે. તેઓ હજુ પણ સ્થૂલ શરીરે શતાબ્દી ઊજવવાની તક ગુજરાતની પ્રજાને અને હરિઃૐ પરિવારને આપે એ જ અંતરની ઇચ્છા-અભીપ્સા !

'સ્મૃતિગ્રંથ'-૧૯૭૨, પૃ. ૮૩ ❑

## (૫) મોહ-સંસ્કાર ને છુટકારો

**શ્રીમોટા**

(અનુષ્ટુપ)

મોહની જાતના ઊંડા સંસ્કાર જે પડેલ છે,<br>
મોહની વૃત્તિ તેમાંથી જાગી તે ઊઠતી જ છે;<br>
ત્યારે વૃત્તિ પ્રમાણે તો દોરવાવાય જીવને,<br>
પાછા શા ગાઢ સંસ્કાર તે પ્રમાણે પડ્યા જશે;<br>
એમાંથી ઊઠવા વારો ભાગ્યે કોઈકનો થતો,<br>
નિશ્ચિત ધ્યેય જેનું છે તેવો માત્ર બચી જતો.

ઝંખના, એષણા, તૃષ્ણા, આશા, ઇચ્છાય કામના,<br>
લોલુપતા શી ! ઇત્યાદિ મોહના ફણગા બધા;<br>
લોભનું મોહની સાથ શું સગપણ હોય છે !<br>
સગાં એક કુટુંબી શાં કામાદિ, લોભ, મોહ છે,<br>
જીવદશાની વૃત્તિથી જ્યારે ઊર્ધ્વ થવાપણું<br>
-છે પ્રવર્તતું પ્રત્યક્ષ, ત્યાં મોળાપણું સર્વનું.

ઘર, લક્ષ્મી, ઘરેણાં સૌ બાળ, બચ્ચાં બધાંયને<br>
-સંસારાદિ વગેરેને છોડી જવાનું આપણે,<br>
ખાલી હાથે જ આવેલા જવાનું ખાલી હાથ છે;<br>
મનથી છોડી દેવાનું છતાં ના દિલ થાય છે,<br>
એની મેળે જવાનું ના છોડાવાનું ન દિલથી;<br>
મોહની તે દશામાંથી છૂટવા દિલ થાય જો.

હરિ-સ્મરણની જ્યારે લગની લાગી જાય છે,<br>
જીવને મોહથી ત્યારે છૂટવાનો જ કાળ છે.<br>
ઊર્ધ્વ જીવનની ભક્તિ લાગી જતાં ખરેખરી,<br>
મોહાદિ ટાળવા ત્યારે મેળે તો માંડતાં પછી.

'મોહ', પ્ર.આ. પૃ.૧૦૭ ❑

## (૯) અલર્કનો ગૃહસ્થાશ્રમ અને ગૃહત્યાગ

લલ્લુભાઈ ગોરધનદાસ

[સ્વામી પ્રકાશાનંદજીએ પોતે સંન્યાસી હોવા છતાં જે ગૃહસ્થને પોતાના ગુરુ માનેલા તે સદ્‌ગત લલ્લુભાઈ ગોરધનદાસ કે જેઓ ડેપ્યુટી કલેક્ટર હતા તેમની સાથેના સમાગમના બોધક અને પ્રેરક પ્રસંગો **'સંત ગુરુનો પરિચય'** નામના પ્રકાશનમાં સંગ્રહવામાં આવ્યા છે. પાછળથી 'સંત ગુરુનો પરિચય', 'આપણો ધર્મ' અને 'ધર્મજ્યોતિ'-એ ત્રણ પુસ્તકોને એકત્રિત કરી **'ધર્માલાપ'** નામે પ્રકાશન થયું છે. તેમાંથી આ પ્રસંગ લેવાયો છે. -**સં.**]

નાની ઉંમરમાં મેં (પ્રકાશાનંદજીએ) સંન્યાસ ગ્રહણ કરેલો એટલે મારાં સ્નેહી-સંબંધી હું ગૃહસ્થાશ્રમ સ્વીકારું એવી અભિલાષા રાખતાં હતાં. એક સાંજે એક સ્નેહી શ્રી સૂબેદાર વગેરે ગુરુ પાસે આવ્યા ત્યારે ગુરુજીએ સૂબેદારને કહ્યું કે કોઈના વંશમાં જો એક પણ સંન્યાસી થાય, તો તે આખા કુટુંબને તારે છે. માટે એમને (પ્રકાશાનંદજીને) તમારે કોઈ જાતની ઉપાધિ લાવવાનો પ્રયત્ન કરવો ન જોઈએ. એમ કહી ગુરુજીએ માર્કંડેયપુરાણમાંની મદાલસા નામની રાણીની કથા કહી સંભળાવી.

મદાલસા નામની રાણી હતી. તે પોતાને જેટલા પુત્રો પ્રાપ્ત થાય તે સર્વેને બચપણથી ઉપદેશ કરતી : 'હે પુત્ર ! તું શુદ્ધ સ્વરૂપ છે, તારું નામ નથી, પણ તેં હાલ કલ્પનાથી તે નામ ધારણ કર્યું છે. આ દેહ પંચમહાભૂતનો છે, એ તારો નથી, તેમ તું એનો નથી. શા માટે તું રડે છે ? તારા ગુણ કલ્પાય એવા નથી. દેહ પંચમહાભૂતનો છે, તે વૃદ્ધિ પામે છે ને ઘટે છે, પણ તું કંઈ વૃદ્ધિ પામતો નથી ને ઘટતોયે નથી. કારણ કે તું છ પ્રકારના વિકારથી રહિત છે. મા, બાપ, દેહ તારે કંઈ નથી. માત્ર એ ભૂતસંગ તેં માની લીધેલો છે. તને સુખદુઃખ કંઈ નથી. તું શુદ્ધ, અદ્વિતીય, ચૈતન્ય સ્વરૂપ છે. માટે અજ્ઞાનનિદ્રાથી જાગ.'

આ ઉપદેશ પ્રમાણે છોકરાઓ મોટા થાય એટલે સંસાર છોડીને ચાલ્યા જાય. એમ કરતાં કરતાં એમના ત્રણ છોકરાઓ ગયા. તે ઉપરથી રાજાએ રાણીને કહ્યું : 'આવી રીતે ઉપદેશ કરી સર્વ છોકરાઓને સંસારત્યાગ કરી મોકલી આપો છો, તો પછી રાજપાટ કોણ સંભાળશે ? અને દેવકાર્ય કોણ કરશે ? એથી તો કર્મમાર્ગનો ઉચ્છેદ થઈ જશે. એક છોકરાએ તો તે કામ કરવું જોઈએ.'

આ પ્રમાણે પતિનું વાક્ય સાંભળી રાણી મદાલસાએ પોતાનો ચોથો પુત્ર, જેનું નામ અલર્ક પાડ્યું હતું, તેને ગૃહસ્થાશ્રમ તથા રાજ્યધર્મનો ઉપદેશ આપ્યો, પણ પાછળથી રાણીના મનમાં વિચાર આવ્યો કે મારે તુચ્છ સંસારમાં ડુબાવવા સંબંધી બોધ કરવો અયોગ્ય છે, છતાં પતિની આજ્ઞાને માથે ચડાવી છે. હવે અંતે પણ તે સંસારથી મુક્ત થાય એવી કંઈક યુક્તિ કરવી જોઈએ.

આ પ્રમાણેનો વિચાર થતાં એક સુવર્ણના માદળિયામાં ઉપદેશનો કાગળ મૂકી પુત્રને આપીને કહ્યું કે, 'ઘણાં જ સંકટમાં તું આવી પડે ત્યારે આ માદળિયું ખોલી એમાંની ચિઠ્ઠી વાંચી તે પ્રમાણે વર્તજે.'

ત્યાર પછી છોકરો રાજપાટ સંભાળવા લાગ્યો અને સંસાર વ્યવહારના કામમાં છેક નિમગ્ન થઈ ગયો. એ વખતે આગળ ગયેલા તેના બંધુઓ પૈકી સુબાહુએ વિચાર કર્યો કે, 'આપણો ભાઈ સંસારજાળમાં લુબ્ધ થયો છે, એને એમાંથી છોડાવવો જોઈએ.' તેથી અલર્કના શત્રુ કાશીરાજની સહાય લઈ તે રાજ્યમાં આવ્યો. અને પોતાના ભાઈ પાસેથી તેણે તથા કાશીરાજે રાજ્ય માંગ્યું. અલર્ક રાજાએ કહ્યું કે માગ્યાથી કાંઈ રાજ્ય મળતું નથી એ તો યુદ્ધમાં જય કરીને મેળવાય છે. એ ઉપરથી લડાઈ થઈ અને ઘણા કિલ્લા તેઓએ જીતી લીધા.

અલર્ક અતિ સંકટમાં આવી પડ્યો અને ઘણો મૂંઝાવા લાગ્યો. તે વખતે તેને પોતાની માતાનું વચન યાદ આવ્યું અને માદળિયાની અંદરથી પત્ર કાઢીને વાંચ્યો. તેથી રાજ્ય પર વૈરાગ્ય આવવાથી તરત જ એ રાજ્ય પોતાના ભાઈ સુબાહુને સોંપી, સંસાર છોડી ચાલવા લાગ્યો. ત્યારે સુબાહુએ કહ્યું, 'મારે રાજ્ય જોઈતું નથી, પરંતુ તમને સૂચના કરવા (જાગૃત કરવા) માટે આવ્યો હતો. એટલું કહી સુબાહુ ચાલી નીકળ્યો.'

અલર્કે પોતાના વડીલ ભાઈ સુબાહુ પાસે માગણી કરી કે મને બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કરો. તેમણે કહ્યું કે તમે દત્તાત્રેય ગુરુ પાસે જાઓ. તેઓ નિષ્પક્ષપાતી છે. જો હું ઉપદેશ કરું તો તમારો ભાઈ હોવાથી શ્રદ્ધા પણ નહિ બેસે.

અલર્ક ગુરુ દત્તાત્રેયની શોધમાં નીકળ્યો. અલર્કે એક વીંટી પહેરેલી હતી. કોઈ મહાત્મા મળે તો અલર્ક તેઓને પૂછતા કે આ વીંટી શાની બનેલી છે ? એટલે ઉત્તર મળે કે સોનાની છે તો અલર્ક કહે, 'ના સોનાની નથી, પિત્તળની છે. બીજા મહાત્માને વળી ચાંદીની છે એમ કહે. એવી રીતે જ્યારે મહાત્મા સોનાની કહે ત્યારે તે ગમે તે બીજી ધાતુની છે એમ કહેતો. એટલે મહાત્માઓ અલર્કને ખિજાઈને ચાલ્યા જવાનું કહેતા અને કહેતા કે તું ગાંડો છે.'

આમ કરતાં કરતાં ગુરુ દત્તાત્રેય પાસે અલર્ક આવ્યો અને પૂછ્યું કે આ વીંટી શાની છે ? ઉત્તર મળ્યો કે સોનાની છે. અલર્કે કહ્યું કે ના ચાંદીની છે. મહાત્માએ કહ્યું : 'તેમ હશે.' ફરીથી અલર્કે કહ્યું : 'ના, પિત્તળની છે.' તેમણે કહ્યું, 'ઠીક, તેમ હશે.'

આમ કેટલીક વાર અલર્ક ઊલટું બોલ્યો, પણ મહાત્માએ 'તેમ હશે, તેમ હશે' એવો ઉત્તર આપ્યા કર્યો. તે ઉપરથી અલર્ક સમજી ગયો કે આ ગુરુ દત્તાત્રેય જ હોવા જોઈએ. અલર્ક એકદમ તેમને પગે પડ્યો અને બોલ્યો, 'પ્રભુ, હું વાંકું બોલતો હોવા છતાં આપે તો 'તેમ હશે' એટલો જ ઉત્તર આપ્યા કર્યો. તેનું શું કારણ ?' ગુરુ દત્તાત્રેય બોલ્યા : 'તમે ધાતુનું નામ જ લેતા હતા. તેથી હું દરેક વખતે, 'તેમ હશે' એમ કહેતો હતો. કારણ કે સોનું, ચાંદી, પિત્તળ વગેરે સર્વ ધાતુ પાર્થિવ છે.'

એ પછી અલર્કે એમની પાસેથી બ્રહ્મોપદેશ લીધો. સર્વ ધાતુનું મૂળ એક સ્વરૂપ છે. એટલે કે પૃથ્વી છે, તે પ્રમાણે સર્વ જ્ઞાનનું મૂળ એક બ્રહ્મ છે. એમ સમજીએ એટલે સર્વ શંકાઓની નિવૃત્તિ થાય અને પછી કોઈ મતમતાંતરોમાં ભેદ રહે નહિ.

'ધર્માલાપ', બી.આ. પૃ.૩૯ અને ૪૯ ❑

## (૭) શ્રીજી મહારાજની આકરી કસોટી : ખાચર પરિવાર

**આનંદ પ્રિયદાસજી**

શ્રી સ્વામિનારાયણ ભગવાન આ ગરવા ગુજરાતમાં પહેલાં કુલ ત્રીસ વર્ષ રહ્યાં છે. એમાંય ૨૫ વર્ષથી વધુ ગઢપુરમાં દાદાખાચરના દરબારમાં પોતાનું ઘર કરીને રહ્યાં છે. દાદાખાચરના પિતાશ્રી એભલ ખાચર અક્ષરધામ ગયા બાદ શ્રીજી મહારાજ ગઢપુરમાં જ રહેતા હતા.

એક દિવસ શ્રીજી મહારાજે આ દાદા ખાચરના પરિવારની આકરી કસોટી લેવાનું વિચાર્યું. શ્રીજી મહારાજે દાદાખાચર, જીવુબા તથા લાડુબાને પોતાની પાસે બોલાવ્યાં અને કહ્યું કે એભલ ખાચર ધામમાં સિધાવ્યા પછી મારું મન અહીં માનતું નથી.

શ્રીજી મહારાજની આ વાત સાંભળી, દાદા ખાચર, જીવુબા અને લાડુબાએ હાથ જોડી વિનંતી કરી કે મહારાજ અમને છોડીને તમારે ક્યાંય જવાનું નથી તમારા સિવાય આ સંસારમાં અમારે કોને આધાર છે ?

શ્રીજી મહારાજે કહ્યું કે તમે તમારો બધો જ ગરાસ મને લખી આપો તો હું અહીં રહું. ત્યારે દાદા ખાચર, જીવુબા તથા લાડુબાએ બધો જ ગરાસ શ્રી સહજાનંદ સ્વામીનો છે એ પ્રમાણે લખાણ જરાય અચકાયા વિના કરી આપ્યું.

શ્રીજી મહારાજે લખાણનો કાગળ લઈને કહ્યું કે હવે તમે બધાં અહીંથી ચાલ્યા જાઓ એવી મારી આજ્ઞા છે. તમારે બધાંને જ્યાં જવું હોય ત્યાં જાઓ. આ સાંભળી દાદા ખાચર અને ચારેય બહેનો ગઢડા છોડીને ચાલ્યાં જવાની તૈયારી કરવા લાગ્યાં. દાદા ખાચરને રસ્તામાં ભૂખ લાગે તે માટે જીવુબા રોટલા ઘડવા બેઠાં, ત્યારે શ્રીજી મહારાજે રોટલા ઘડવાની પણ મનાઈ કરી. જીવુબાએ કહ્યું, 'તો પછી મહારાજ ચાર આના આપો, તો માર્ગમાં દાદા ખાચરને કાંઈક ખાવાનું લઈ શકીએ.' શ્રીજીમહારાજે કહ્યું કે ચાર આના પણ નહીં મળે. તમે બધાં હમણાં ને હમણાં ગઢડા છોડીને ચાલ્યાં જાઓ.

શ્રીજી મહારાજને સાક્ષાત્ ભગવાન માનનાર આ કુટુંબ, 'હરિને કરવું હોય તેમ કરે' એમ માની ગઢડાથી કારિયાણીના રસ્તે ચાલી નીકળ્યું.

બરાબર આ સમયે સુરા ખાચર ગઢપુર આવ્યા ત્યારે એમને ખબર પડી કે દાદા ખાચર અને જીવુબા વગેરે શ્રીજી મહારાજની આજ્ઞાથી ગઢડા છોડીને ચાલી નીકળ્યાં છે. એટલે તેમણે શ્રીજી મહારાજને કહ્યું, 'મહારાજ આપ કરો તે બરાબર જ હોય, પણ મારા મનમાં એક વિચાર આવે છે કે આવી રીતે ભક્તજનો રસ્તે રઝળતાં થઈ જાય તો પછી તમારું ભજન કોણ કરશે ? તમારી ભક્તિ કોણ કરશે ? આવો કપરો સર્વસ્વનો ત્યાગ કોણ કરશે ? માટે ભક્તો પર અનુગ્રહ કરવો એ જ યોગ્ય છે.'

શ્રીજી મહારાજે દાદા ખાચર પરિવારને પાછા બોલાવી લાવવા માટે હરજી ઠક્કરને મોકલ્યા. રાજકુટુંબના સભ્યો હજી રાઘાવાવ સુધી જ પહોંચ્યા હતા ત્યાં જ હરજી ઠક્કર તેમની પાસે પહોંચી ગયા અને પાછા વળવા માટે બહુ વિનંતી કરી. ત્યારે જીવુબાએ પૂછ્યું, 'હરજી ઠક્કર, તમે શ્રીજી મહારાજની આજ્ઞાથી આવ્યા છો કે માત્ર તમારી મેળે જ આવ્યા છો ?' હરજી ઠક્કરે કહ્યું, 'મને શ્રીજી મહારાજે આજ્ઞા કરી છે માટે તમે સૌ પાછાં ચાલો.'

હરજી ઠક્કરની સાથે રાજકુટુંબ પાછું આવ્યું. શ્રીજી મહારાજને પ્રણામ કરી બધાં બેઠાં. ત્યારે શ્રીજી મહારાજે પૂછ્યું, 'તમને શા માટે પાછાં

બોલાવ્યાં છે તે તમે સૌ જાણો છો ? તમે જે ગરાસ લખી આપ્યો છે તે કાગળ ઉપર છે, માટે તાંબાના પતરાં ઉપર લેખ લખી આપો.'

આ રાજકુટુંબના સભ્યોએ જરાય આનાકાની વગર તામ્રપત્ર ઉપર લેખ કોતરાવી આપ્યો અને ગઢપુર છોડીને સૌ ચાલી નીકળ્યાં. ત્યારે શ્રીજી મહારાજે બધાને ત્યાં જ રોકાવા કહ્યું અને સર્વે ત્યાં રહ્યાં.

આમ શ્રીજી મહારાજે દાદા ખાચરના બધા સભ્યોની આવી આકરી પરીક્ષા લીધેલી છે અને તેમાંથી કોઈ પણ ચલાયમાન થયું નહીં ત્યારે શ્રીજી મહારાજ ત્યાં પોતાનું ઘર કરીને રહ્યા છે.

શ્રી સ્વામિનારાયણ ભગવાને સત્સંગ શિરોમણિ દાદા ખાચર પાસેથી જેટલી વાર જે જે માંગ્યું તે તે તુરત જ હસતે મુખે લાવી દીધું છે. એટલું જ નહિ પણ શ્રીજી મહારાજે અગ્નિ-પરીક્ષા કરવા માટે એમની જે જે કસોટીઓ કરી તે હસતે મુખડે પસાર કરી છે. શ્રીજી મહારાજની એકધારી પચીસ વર્ષ અને ચાર મહિના સુધી સેવા કરી છે.

આવા ભક્તો, શિષ્યો આજેય આપણને ગુરુવચને કેવી રીતે જીવન સમર્પિત થવું જોઈએ તે શીખવે છે.

ગુજરાત સમાચાર, ધર્મલોક, તા. ૩૦-૭-૨૦૧૫ ❑

## 'હરિવાણી ટ્રસ્ટ'ને મળેલ દાન-ભેટ -સંપાદક

| ક્રમ | સર્વેશ્રી નામ | ગામ | રકમ રૂ. |
|---|---|---|---|
| ૧. | દોહિત્ર શ્રી હર્ષ અનિલભાઈ પરીખના જન્મદિન (૨/૯) તેમજ બોસ્ટન, યુ.એસ.એ.માં તેમણે એમ.બી.એ.ની પરીક્ષા ઉત્તીર્ણ કર્યાની ખુશાલીમાં જ્ઞાનદાન હસ્તે. સ્વજન શ્રી મુકુન્દભાઈ પરીખ | બાલાશિનોર | ૧૧,૧૧૧/- |
| ૨. | સદ્‌ગત પિતાશ્રી રામલાલ હરગોવિંદદાસ બારોટના સ્મરણાર્થે હસ્તે ભારતીબહેન | અમદાવાદ | ૫,૦૦૧/- |
| ૩. | જયાબહેન એમ. દેસાઈ | અમદાવાદ | ૫,૦૦૧/- |
| ૪. | ગૌરાંગ મરચન્ટ | અમેરિકા | ૨,૮૦૦/- |
| ૫. | એક સ્વજન | અમદાવાદ | ૨,૫૦૦/- |
| ૬. | તરૂબહેન કિરીટકુમાર સરૈયા (જન્માષ્ટમી નિમિત્તે) | મણીનગર | ૧,૧૧૧/- |
| ૭. | ચિંતનકુમાર કિરણભાઈ વ્યાસ જન્મદિન (૬/૯) | અમદાવાદ | ૧,૦૦૧/- |
| ૮. | સૌમ્યા ચિંતનકુમાર વ્યાસ જન્મદિન (૧૮/૯) | અમદાવાદ | ૧,૦૦૧/- |
| ૯. | રવિન્દ્ર હીરાલાલ ચોકસી જન્મદિન (૨૪/૯) | સુરત | ૧,૦૦૧/- |
| ૧૦. | ઠાકોરલાલ મોહનલાલ વ્યાસ ૮૨મા જન્મદિન નિમિત્તે | નરોડા | ૧,૦૦૧/- |
| ૧૧. | રમેશચંદ્ર મણીલાલ શાહ | અમદાવાદ | ૧,૦૦૧/- |
| ૧૨. | પૌત્ર ચિ. કાનવ પલકના જન્મદિન (૨૫/૧૦) નિમિત્તે હસ્તે શ્રીમતી હરિતા ભરતભાઈ સોની | અમદાવાદ | ૫૦૧/- |
| ૧૩. | સોહમ રવિન્દ્રભાઈ ચોકસી જન્મદિન (૧૧/૧૦) | સુરત | ૫૦૧/- |
| ૧૪. | જયંતિભાઈ નરોત્તમભાઈ પટેલ | સુરત | ૫૦૧/- |
| ૧૫. | પૂર્ણિમાબહેન મેહુલભાઈ શાસ્ત્રી | નવસારી | ૫૦૧/- |

**આ સર્વેના અમો ખૂબ ખૂબ આભારી છીએ. -સંપાદક**

# (૮) પ્રભુનો પ્રતિનિધિ : પુનિત મહારાજ (૪)

નરહરિ દવે

(ગતાંકથી આગળ...)

માતા લલિતાદેવીએ કહ્યું, 'ભાઈ, ભણ્યો હોત તો સારું હતું. પણ તારી ઇચ્છા વિરુદ્ધ કામ કરવાની સલાહ હું તને ક્યારેય નહિ આપું. આમ, માતા તરફથી લીલી ઝંડી મળતાં મેટ્રિકની પરીક્ષા આપવાનું માંડી વાળી બાલકૃષ્ણે નોકરી મેળવવાના જોરદાર પ્રયત્નો શરૂ કરી દીધા.'

નોકરી માટે જ્યાં જ્યાં બાલકૃષ્ણ ગયો ત્યાં ત્યાંથી નિરાશાજનક જવાબ મળવા લાગ્યા. બ્રાહ્મણનો દીકરો કાં ભિક્ષાવૃત્તિ કરે, કાં માસ્તર બને. આમ ને આમ કેટલાય દિવસો વીતી ગયા. ભગવાનને પ્રાર્થના પણ કરી.

જાણે ભગવાને પ્રાર્થના સાંભળી હોય એમ પોસ્ટઑફિસમાં પટાવાળા તરીકે બદલી ભરવાની કાયમી નહિ એવી નોકરી મળી. ખૂબ જહેમત ઉઠાવી પોસ્ટમાસ્તરનો પ્રેમ પણ સંપાદન કરી લીધો. એક મહિનો ભરાયો એટલે ચાંદીના રોકડા અગિયાર રૂપિયા હાથમાં આવ્યા. એ જમાનામાં રૂપિયાની કિંમત ઘણી ઊંચી હતી.

માતા લલિતાદેવી પણ શુકનના આંકડા જેવા પ્રથમ પગારથી રાજી થયાં પણ બાલકૃષ્ણને નોકરી મળે તો પહેલો પગાર પ્રભુને ચરણે ધરી દેવાનો માતાએ સંકલ્પ કરેલો. બાલકૃષ્ણે પણ માતાના ચરણ પકડી સર્વમાં પ્રભુના દર્શન કરવાની માની શીખ સહર્ષ સ્વીકારી લીધી. પણ વિધાત્રીની વક્રતા કહો કે પ્રભુ જે કરે તે સારા માટે કહો- બે મહિના બાદ આ નોકરી તૂટી ગઈ.

ધંધૂકામાં પડી રહેવા કરતાં અમદાવાદ ઊપડી જવાનું બાલકૃષ્ણે વિચાર્યું. આંખથી અળગો નહીં કરનાર માતાએ બાલકૃષ્ણને અંતરના આશીર્વાદ આપ્યા. એક સ્નેહીએ બાલકૃષ્ણને આવકાર આપ્યો. બીજા જ દિવસથી નોકરીની શોધ શરૂ કરી. ટાંટિયાની કઢી થઈ ગઈ. ચાર દિવસની રખડપટ્ટી પછી બાલકૃષ્ણ મનથી ભાંગી પડ્યો.

બાલકૃષ્ણ જે સ્નેહીના ઘરે રહેતા હતા તેની સલાહથી તાર ખાતાની તાલીમ લેવા બિસ્તરો બાંધી જૂનાગઢ જવાની ગાડી પકડી. ત્યાં પણ એક સ્નેહીના ત્યાં રહેવાનો પ્રબંધ થયો.

બાલકૃષ્ણની ગ્રહણશક્તિ ગજબની હતી. પૂરા બાર મહિનાની તાલીમ બાદ તાર ખાતાની પરીક્ષામાં બાલકૃષ્ણ પ્રથમ નંબરે પાસ થયો. અમદાવાદ પરત આવતાં પેલા સ્નેહીએ કહ્યું કે પેપરોમાં તાર ખાતાની જાહેરાત આવે એ જોતો રહેજે. પેપરોમાં બીજી જાહેરાતો ઘણી આવતી પણ બાલકૃષ્ણ ચાતકની માફક જેની રાહ જોતો હતો તે તાર ખાતાની જાહેરખબર તો આવતી જ નહોતી. પણ છેવટે નરોડાની તાર ઑફિસની જાહેરાત આવતાં અરજી-ઇન્ટરવ્યુ બાદ નિમણૂકપત્ર પણ મળી ગયો. માતાને જાણ થઈ કે તમારો બાલુ છેક નરોડા સુધી ચાલતો નોકરીએ જાય છે. સાંજે ઘેર ચાલતો આવે એટલે થાકીને લોથપોથ થઈ જાય છે.

માતાએ તુરત જ બાલુને સંદેશો મોકલ્યો કે કાયાને કાંતી નાખે એવી હાડમારીની આ નોકરી છોડી પાછો આવતો રહે. બાલકૃષ્ણે

વતનની વાટ પકડી. થોડા જ વખતમાં તારટપાલ ખાતામાં નોકરી તો મળી પણ પટાવાળાની છતાં ઘરના આંગણે અને માતાની શીતળ છાયામાં.

એક દિવસ લલિતાદેવીના કાને સાંભળ્યું કે પોતે દાદી બનવાનાં છે. એ મંગળ પ્રસંગને કઈ રીતે ઉજવવો એની વિમાસણ હતી. પણ પુત્રવધૂ સરસ્વતીએ સામે ચાલીને પોતાનું પલ્લું સાસુમાને ચરણે ધર્યું. લલિતાદેવીએ પણ કરકસરથી થોડીક રકમ બચાવી હતી. પ્રસંગ હરખભેર ઉજવાઈ ગયો. વેવાણે દીકરીનું સ્ત્રીધન વેચાયાનું જાણી જમાઈરાજને પૂછપરછ કરી પણ બાલકૃષ્ણે હૈયાધારણ આપી કે ભવિષ્યમાં સૌ સારું થશે.

પટાવાળાના ટૂંકા પગારમાં બાલકૃષ્ણનું સંસારગાડું ડગુમગુ થતું ચાલ્યું જતું હતું. પણ મનોમન મૂંઝવણ થતી હતી કે વધતી જતી જવાબદારીને કેમ કરીને પહોંચી વળાશે ! અમદાવાદ જઈ કોઈ સારી નોકરી શોધી લેવાનો વિચારવેગ એટલો બધો વધી ગયો કે માતાને પણ પૂછ્યા વિના એક દિવસ નોકરીમાંથી રાજીનામું આપી દીધું.

અમદાવાદમાં એક સ્નેહીએ તો સંભળાવ્યું કે **'ચાલુ રોજીને લાત મારીને આવ્યો છું એ અન્નપૂર્ણાનો અનાદર ગણાય.'** આખો રોટલો મેળવવાની મહેચ્છામાં અડધો રોટલો પોતે હાથે કરીને ગુમાવ્યાનો અફસોસ સમયના વહેણ સાથે બાલકૃષ્ણે અનુભવ્યો. વગર વ્રતે એકટાણા તો ક્યારેક વગર એકાદશીએ ઉપવાસ થઈ જતો- મૂઠ્ઠી ચણા ખાઈ પાણી પીને પેટની આગ બુઝાવવી પડતી.

દુકાને દુકાને જઈ નોકરીની વાત કરે તો 'અમારે ત્યાં જગ્યા નથી. અજાણ્યાને નોકરીએ રાખતા નથી' એવા જવાબો સાંભળીને રોડ ઉપર મૂંગા મૂંગા ચાલતાં ચાલતાં શરતચૂકથી એક મજૂર સાથે અથડાઈ પડાયું. મજૂરે તો કડવાં વેણ સંભળાવ્યાં. પણ મનમાં એકદમ ઝબકારો થયો કે મજૂર તો મારો ગુરુ બન્યો. નોકરીની શોધના બદલે લોકોનાં પોટલાં ઉપાડી-મજૂર બનવાનું મનોમન નક્કી કર્યું. એજ વેળાએ બાલકૃષ્ણના પગ કાલુપુર રેલવેસ્ટેશન તરફ ઉપડ્યા.

પ્લેટફોર્મ ઉપર તો બિલ્લાવાળા મજૂરોનું સામ્રાજ્ય હોય છે. બક્કલ નંબર વિના કોઈ પોતાનો સામાન આપવાનો વિશ્વાસ ધરાવે નહીં. કરમની કઠણાઈના વિચારમાં એક ખૂણે લમણે હાથ દઈને હતાશ હૈયે બાલકૃષ્ણ બેસી રહ્યો હતો, ત્યાં બક્કલવાળો લાલ ફેંટાવાળો એક કુલી આવ્યો. એણે કહ્યું કે ભાઈ તું મજૂર જેવો લાગતો નથી. વખાનો માર્યો અહીં સ્ટેશને મજૂરી કરવા આવ્યો છું. સહૃદયી સ્નેહીની વાત સાંભળી બાલકૃષ્ણે કંઈ પણ છુપાવ્યા વિના પોતાની વિગતો જણાવી દીધી.

બાલકૃષ્ણને ખભે હાથ મૂકી કુલી બોલ્યો કે આજથી તું મારો ભાઈબંધ. હું કુલી જમાતનો નેતા છું એટલે કોઈ તારું નામ નહીં લે કે રેલવેતંત્રના માણસો પણ તને કંઈ નહીં પૂછે. બાલકૃષ્ણને પ્રભુની અજબગજબની લીલાનાં જાણે કે દર્શન થઈ રહ્યાં હતાં.

**(અનુસંધાન પાન નં. ૧૬ ઉપર)**

## (૯) તાદાત્મ્યના ગુણ અંગે

શ્રીમોટા

ચેતનની છેક નજીક જઈએ ત્યારે આપણામાં તાદાત્મ્યનો ગુણ ખીલે છે.

સૂર્ય ઊગવાનો હોય, ને પ્હૉ ફાટે, એટલે આપણે જાણીએ કે હવે સૂર્ય ઊગશે. તેમ તાદાત્મ્યનો ગુણ પ્રગટ્યો કે આત્માનો પ્રકાશ નિશ્ચિત. હવે તેને વાર નથી. હવે એક બે દિવસની વાર છે.

તાદાત્મ્યનો ગુણધર્મ એ પ્રત્યક્ષ આત્માનું દર્શન આપણને થયેલું છે એનું પ્રત્યક્ષ પ્રમાણ છે. પ્રમાણ વગર જગતમાં કોઈ માને નહિ. પ્રમાણ પહેલું જોઈએ. આપણને (ચેતનનો) અનુભવ થયેલો છે, એનું પ્રત્યક્ષ પ્રમાણ આ તાદાત્મ્ય છે. એનું કારણ છે કે આત્માનો ગુણધર્મ તે તાદાત્મ્ય.

જો તાદાત્મ્ય ના થયો હોય તો આ પ્રકારની સ્થિતિ શી રીતે થઈ હશે : જેમ કે - ઝાડમાં ઝાડ જેવો, નદીમાં નદી જેવો, પર્વતમાં પર્વત જેવો, તણખલામાં તણખલા જેવો, દેડકામાં દેડકા જેવો, સાપમાં સાપ જેવો- દરેકની સાથે અનુભવીનું તાદાત્મ્ય.

અનુભવીનું તાદાત્મ્ય પેલાના જેવું જ હોય અને તેમ છતાં પોતે તેનાથી નોખો હોય. બરાબર પેલાના જેવો જ થઈ જાય, બિલકુલ. જરાકે ફરક નહિ. પેલાના ગુણધર્મમાં અને આના ગુણધર્મમાં જરાયે ફરક નહિ. એવો પેલાની સાથે હળી, મળી, ભળી અને ગળી જાય- ચેતન. દરેકની સાથે. એક જણની સાથે નહિ. દરેકની સાથે હળી જાય. પણ મુશ્કેલી શી થાય ?

આપણે વેપાર કરવા ધન લાવીએ, પણ જો આપણે સચેત હોઈએ તો આપણને ધ્યાન રહે કે એ ધન આપણે પાછું આપી દેવાનું છે. એટલે આપણે એ ધનને સાચવવાની કાળજી રાખીએ. આપણે પેલાને એ પાછુ આપી દેવાનું છે, એમાં આપણે ભૂલચૂક કરતા નથી. તેવી રીતે આપણામાં જે તે કંઈ બધું મળેલું છે, મન, બુદ્ધિ... જે કાંઈ આ પાંચ તત્ત્વ ઉપર જે કંઈ બીજું મળેલું છે, તે બધું ભગવાનનું જ મળેલું છે. ભગવાનનું જ છે. બીજા કોઈનું નથી.

બધાં કહેશે કે, ‘આ તો અમારું છે. અમારામાં તો છે જ. મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ, અહમ્ અમારામાં છે. એનાથી અમે આ કામ કરીએ છીએ. એમાં ભગવાનને શું લેવાદેવા છે ? એવું મને મોંઢે કહેનારા મળ્યા છે.’ મેં કહ્યું, ‘તારી બુદ્ધિ તારી હોત તો તું તારી બુદ્ધિના કહ્યા પ્રમાણે કરતો હોત, તો તું તારું ધાર્યું કેમ નથી કરી શકતો, ભાઈ ? તારું ધાર્યું કર ને ! તો હું જાણું કે ‘તારી બુદ્ધિ’; એ વાત બરાબર !’

જો ધાર્યું ના થાય તો ? તો કહેશે કે એમાં ભગવાનને કોઈ સંબંધ નથી. ભલે ભાઈ ના હોય, તું માનવાને તૈયાર જ નથી. પછી તારી સાથે દલીલ કરવી નકામી છે. આવું માનનાર લોકો પણ જગતમાં છે.

એટલે ભગવાન તાદાત્મ્ય થાય છે ખરો. બધામાં થાય છે. પણ પછી દરેક જણ એ તાદાત્મ્ય ન જાણીને પોતપોતાના સ્વભાવ પ્રમાણે વાપરે છે.

ભગવાનનું આ બધું દિવ્ય કામ છે, એ કોઈકના મનમાં ઊતરે છે. એવાઓની શક્તિ-કે બુદ્ધિ એનો સ્વીકાર કરી શકે એમ હોય છે. બીજાઓમાં એ પ્રકારની રુચિ જ હોતી નથી. ભણેલા-ગણેલા વિદ્વાનમાં એ તત્ત્વ કોઈ દિવસ નહિ આવે. પોતાના વિષયનું અભિમાન હશે એવા વિદ્વાનોમાં ભગવાન અવતરવાનો નહિ. આ ધર્માચાર્યો વગેરેમાં પણ કોઈ દિવસ ભગવાન અવતરવાનો નહિ.

અભિમાન ન હોય તો કામ કેવી રીતે થાય? એમ કોઈક પૂછે તો મારું કહેવું છે કે તમે કરી જુઓ. અભિમાન નીકળતાં નીકળતાં કામ થાય છે. મેં કામ કરેલું છે. અભિમાન નહોતું. કેટલી બધી નમ્રતા ! નમ્રતાની હદ સુધી ગયેલો. આખા ગુજરાતના હરિજન સેવક સંઘનો હું મંત્રી હતો, પણ મને કોઈ ગણે નહિ. નીચામાં નીચા કામ કર્યા કરતો. કચરો વાળું, પાણી ભરું. કોઈની સાથે લડાઈ કરી નથી. અહંકાર કાઢ્યો એ તો યજ્ઞ છે. યજ્ઞમાં તો બધું જ બળે છે. બધું જ હોમી દેવું પડે છે.

સંસારમાં રહીને અને સંસારીની જેમ બધાંની સાથે આચરણ કરીને પછી જો ભગવાનને મેળવવાની વાત કરો તો મિથ્યા છે. ભગવાન એવું નથી કહેતો કે, આ બધું છોડી દો. ભગવાન કહે છે કે **આ બધું કર પણ અભિમાનરહિત થઈને કર. નિરાગ્રહ થાવ. પ્રભુપ્રીત્યર્થે કરો.** પછી ચારપાંચ એની શરતો છે, એ પ્રમાણે તમે કર્મ કરો અને સંસારમાં રહો તો પ્રભુ જરૂર મળવાનો. સાથે ભક્તિ પણ કર્યા કરો.

'તદ્રુપ-સર્વરૂપ', પ્ર.આ. પૃ.૭૮ ❑

**(અનુસંધાન પાન નં. ૧૪ ઉપરનું)**

પહેલે દિવસે બાલકૃષ્ણ ચાર આના મજૂરીમાં કમાયો. સામેની હોટલ ઉપર બોર્ડ હતું. ગરમ ગરમ ગાંઠિયા ચાર આને શેર. એક આનાના પાશેર ગાંઠિયા લેવાનો વિચાર કર્યો ત્યાં સામે એક લંગડો ભિખારી યાચક દૃષ્ટિથી ખાવાનું માંગી રહ્યો હતો. બાલકૃષ્ણે પોતાના રોટલામાંથી અડધો રોટલો અપંગને આપવાનું વિચાર્યું. પાશેર-પાશેર ગાંઠિયાનાં બે પડીકાં બંધાવ્યાં. ભિખારીના મુખમાંથી આશીર્વાદના શબ્દ સરી પડ્યા, 'ભગવાન તારું ભલું કરજો, ભાઈ.'

બાલકૃષ્ણે સ્નેહીના ત્યાં રહેવાનું ક્યારનુંય છોડી દીધું હતું. ફૂટપાથની શૈયા બાલકૃષ્ણને અનુકૂળ થઈ પડી હતી. સારંગપુર દરવાજા બહાર આવેલ માધુબાગની ફૂટપાથ ઉપર મીઠી ઊંઘ આવી ગઈ.

બીજે દિવસે બપોર સુધીમાં તો મજૂરીના બાર આના બાલકૃષ્ણે કમાઈ લીધા. ગાંઠિયાના બે પડીકાં બંધાવ્યા પણ ગઈ કાલવાળો અપંગ ક્યાંય દેખાયો નહીં. તપાસ કરતાં એક દૃષ્ટિહીન દરિદ્રનારાયણ નજરે પડતાં 'લ્યો, પ્રભુ આરોગો, આપ ભૂખ્યા થયા હશો.' આશિષના શબ્દો 'મારા દયાળુ દાતાર, પ્રભુ તમારી કમાણી અખિયાતી રાખો.' સાંભળ્યાં પછી તો **દરિદ્રનારાયણને પ્રસાદ ધરાવ્યા બાદ જ પોતે જમવાનો બાલકૃષ્ણનો નિત્ય નિયમ થઈ પડ્યો.** રાતના આઠ વાગ્યા સુધીમાં તો દિવસની કમાણી બે રૂપિયા થઈ ગઈ. (ક્રમશઃ)

પ્રભુનો પ્રતિનિધિ, બી.આ.માંથી સાભાર ❑

# (૧૦) એકાંત : અલૌકિક ઔષધ

યોગેશ્વરજી

ભક્ત કે સાધકને માટે એકાંત ને શાંત સ્થાનમાં રહેવું ખૂબ જરૂરી છે. મનને બીજા બધા જ બાહ્ય પદાર્થોમાંથી પાછું વાળી લઈ ઈશ્વરમાં જોડવાનું જે કામ સાધક કરે છે તેની સફળતા માટે એકાંતવાસ એક ખૂબ ખૂબ આવશ્યક સાધન છે. એકાંતનો સૌથી પ્રથમ દેખીતો લાભ એ છે કે ત્યાં સંસારના બાહ્ય વ્યવહારો ને પદાર્થો ભાગ્યે જ હોય છે. એટલે તે વ્યવહાર કે પદાર્થમાં રમવાનું કામ મનને માટે રહેતું નથી. કેટલીક વાર એકાંતમાં રહેવા છતાં મન પોતાના પ્રિય પદાર્થોમાં વહેવા માંડે છે અથવા તો પુરાણી રસવૃત્તિને યાદ કરી માનસિક વ્યવહાર ઉત્પન્ન કરે છે, છતાં પણ આ પ્રવૃત્તિ લાંબો વખત ટકતી નથી. ધીરે ધીરે મન પુરાણી રસવૃત્તિથી મુક્ત થવા માંડે છે. દૂર બેઠે બેઠે પણ પ્રિય પદાર્થોમાં રમવાનું બંધ કરે છે, ને જેના સહવાસથી વધારે આનંદ ને સુખશાંતિ મળે એવા પદાર્થની શોધ તરફ વળે છે, એટલે કે સાધકનું મન ઈશ્વર પરાયણ ને તે માટે સાધના પરાયણ થવાના કામમાં લાગી જાય છે.

એવા કેટલાય પદાર્થ છે, કે જેની મમતા કે આસક્તિથી સાધક બંધાઈ ગયો હશે, તે બધાના સાચા સ્વરૂપનો ને સારાસારનો ખ્યાલ તેને વ્યવહારમાં નહીં આવી શકે. વ્યવહારની વચ્ચે રહીને જીવનારો કાચો સાધક સ્થિરતા વિનાનો હોય છે. ગંગાના વાયુવેગી પ્રવાહમાં છૂટાં પડેલાં લાકડાં કેવી રીતે તણાય છે તે તમે જોયું છે ? આ જ દશા વ્યવહારમાં રહેનારા માણસના મનની હોય છે. તેને વિચારવાનો ને વિચાર્યા પ્રમાણે વર્તવાનો અવકાશ ભાગ્યે જ હોય છે. તે જ લાકડાં જ્યારે કોઈ ભેખડ કે પથ્થરને આધારે અટકી જાય અથવા પાસેના કિનારે સ્થિર થાય, ત્યારે તેની દશા જુદી હોય છે. તે દશા એકાંત કે શાંત વાતાવરણમાં વિરાજેલા માણસના જેવી છે. જે પ્રવાહમાં પોતે વહી રહ્યો છે અથવા વહેતો હતો તે પ્રવાહ કેવો છે, તેમાં વહેવામાં લાભાલાભ શા છે, તેમ જ પોતે કઇ દિશામાં વહેવું બરાબર છે, તેનો યથાર્થ નિર્ણય એકાંતની આ અવસ્થામાં માણસ વધારે સારી રીતે કરી શકે છે. તેનો નિર્ણય કરીને સાચો માણસ પોતાની ત્રુટિ કે ભૂલોને સુધારી શકે છે, ને ખામીને પૂરી લે છે, ભરપાઈ કરે છે. એકાંત કે શાંત વાતાવરણનો લાંબો વખત સુધી આશ્રય લઈને આ પ્રમાણે કેટલાય માણસો સુધરી ગયા છે, ચિંતન પરાયણ થયા છે, ને જે વ્યક્તિ કે વસ્તુમાં તેઓ નાગચૂડની જેમ બંધાયા હતા તેને મિથ્યા સમજી, તેના આકર્ષણ ને બંધનમાંથી મુક્ત થઈ, કોઈ ઉત્તમ ધ્યેય કે ઈશ્વરને માટે જીવતા થયા છે. આ રીતે **એકાંત એક રસાયન છે, અલૌકિક ઔષધ છે,** ને તેનો પ્રયોગ સમજુ માણસને માટે પાવનકારક નીવડે છે. ભક્તને માટે તો તે મદદરૂપ થાય જ એમાં આશ્ચર્ય નથી. પ્રારંભિક દશામાં તેનામાં રહેલી રહીસહી દોષવૃત્તિ ને મમતા એકાંતના સેવનથી ક્રમે ક્રમે દૂર થઈ જશે.

'અધ્યાત્મ' જુલાઈ '૧૫માંથી સાભાર ❑

## (૧૧) સમાધાનવૃત્તિ : શ્રી ઉપાસની બાબા

**સાંઈ શરણાનંદ**

શ્રી ઉપાસની મહારાજે એક વખત એક મહાન સિદ્ધાંત કહેલ, તે એ કે :-

**આ દૃશ્ય જગત એ આપણાં જ પુણ્ય અને પાપનું મૂર્તિમંત ફળ છે.** આપણને જે જે ચીજો, માણસો, પરિસ્થિતિ આપણી અનુકૂળતા સાચવનારાં યા અનુકૂળ પડે એવાં મળી આવે તે બધાં આપણાં પુણ્યો જ સાકાર બનીને આપણને વ્યાવહારિક સુખ આપવા ઉત્પન્ન થયેલાં સમજવાં અને તેવી જ રીતે જે જે ચીજો, માણસો, પરિસ્થિતિઓ, પ્રતિકૂળ હોય યા નીવડે તે સર્વને આપણાં પાપોના જ સાકાર બનેલાં ફળ, દુઃખ દેવા ઉત્પન્ન થયેલા સમજી, સુખમાં છકી ન જવું, ને દુઃખમાં હિંમત ન હારવી, પણ બન્ને સ્થિતિમાં સમાધાનવૃત્તિ રાખવી-રાખવાની ટેવ પાડવી. આ જ યોગ છે.

શ્રીઉપાસની મહારાજે આ જ અરસામાં તા.૧૯-૬-૧૯૨૪ને દિવસે બપોરે નીચેની વાત કરેલી :-

'એક કુલીન સ્ત્રી સાસરે હતી. ઘરમાં તેનાં સાસુ, સસરા, ધણી વગેરે ઘણાં માણસો હતાં. સ્ત્રી બહુ જ સારા સ્વભાવવાળી હતી અને રાત-દહાડો સાસુ સન્મુખ તેમની સેવામાં તત્પર રહેતી.

એક વખત તેના શરીર પરનું લૂગડું ઘસાઈ ગયું અને ફાટવા માંડ્યું. જેમ જેમ તે ફાટતું જતું, તેમ તેમ તે સ્ત્રી તેને સીવીને પહેર્યા કરતી. પણ પછી તો એટલું બધું જીર્ણ થઈ ગયું કે સીવી શકાય એવું એ ન રહ્યું. એટલે પછી તે સ્ત્રીએ તે લૂગડાને ગાંઠ મારી મારી પહેરાવાનો ક્રમ ચાલુ રાખ્યો. એ લૂગડાની આવી દશા થઈ જવા છતાં તે બિચારી સ્ત્રીએ પોતાનું લૂગડું ફાટી ગયું છે, હવે નવું લૂગડું લો, એવું કદી પોતાના મુખેથી કહ્યું નહિ. તેના સાસુ-સસરા કે ધણીએ તેના વિશે કાંઈ પૂછ્યું-ગાછ્યું નહિ.

એ સ્થિતિમાં વહુએ એક વર્ષ કાઢ્યું ત્યારે એક વાર તે કાંઈ કામ નિમિત્ત એના સસરાની સામેથી જતી હતી ત્યારે તેના સસરાએ તેને પૂછ્યું, 'અરે વહુજી, આજે એક વરસથી અમે જોઈએ છીએ કે તમો આ લૂગડું સીવી સીવી, ગાંઠ મારી મારી પહેરો છો, પરંતુ તમે આટલા દિવસ સુધી અમને કેમ કહ્યું નહિ અને નવું લૂગડું શા માટે માગ્યું નહિ ?'

તે વખતે સ્ત્રી વિવેકથી એક બાજુએ ઊભી રહી બોલી, 'આ બધી સ્થિતિ આપની સામે જ હતી. આપ રોજ જોતા જ હતા. તો પછી મારે કહેવાનું અને માગવાનું કારણ જ શું ?' તેનો આ સભ્યતાપૂર્વક અને સમાધાનવૃત્તિનો ઉત્તર સાંભળી સાસુ-સસરાને ખૂબ જ આનંદ થયો. તે પછી તે સ્ત્રીને નવું લૂગડું પણ મળ્યું.

આ પ્રમાણે વાત કહી મહારાજે કહ્યું, ઈશ્વરના ભક્તની સ્થિતિ આવી જ છે. ભક્તે ઈશ્વર પાસે માગણી કરવાની જરૂર નથી. તે તો પોતાનાં કુળ, શીલ લક્ષમાં રાખી ધર્મથી, નીતિથી ચાલી, ઈશ્વરના સાંનિધ્યમાં સત્કર્મો કર્યા કરે એટલે બહુ. ભક્તનું કર્તવ્ય પૂરું થયું એટલે એ પછીનું કાર્ય તો જેને જોવાનું છે તે જોશે જ. જો તમે સદ્‌ગુરુને પરમેશ્વર માન્યા હોય તો પરમેશ્વરના ગુણધર્મ હંમેશ ધ્યાનમાં રાખવા. તે સર્વસાક્ષી છે. તો તેને કહેવાનું કે તેની પાસે કાંઈ માગવાનું કામ જ શું ? અને જો તમે માગતા હો તો સત્પુરુષમાં વા પરમેશ્વરમાં તમારી માન્યતા દૃઢ નથી એમ જણાઈ આવે છે.

'સાંઈનાથને શરણે' પ્ર.આ., પૃ. ૨૯૯ ❑

## (૧૨) શ્રી એમ (સંક્ષિપ્ત જીવનચરિત્ર)

સં. કરસનભાઈ પટેલ

*[કન્યાકુમારીથી કાશ્મીરની પત્રયાત્રાએ નીકળેલ શ્રી એમ. અંગે ગુજરાતના વર્તમાન પત્રોમાં થોડી વિગતો પ્રકાશિત થઈ છે. હમણાં તેઓ અમદાવાદ આવ્યા હતા. તેમના જીવનચરિત્રની ટૂંકમાં વિગતો સુરતના શ્રી કરસનભાઈ પટેલ (મોબાઈલ - ૯૮૨૫૧૪૯૫૯૮) તરફ મળેલી. તે પ્રકાશિત કરાઈ છે. -**સં.**]*

આશરે સોએક વર્ષ પહેલાં બનેલી આ ઘટના છે. હિમાલયમાં ૧૧,૦૦૦ ફૂટની ઊંચાઈએ આવેલા બદરીનાથના મંદિરની પાછળ ચઢવામાં અતિ કઠિન એવા પહાડોમાં અનેક ગુફાઓ આવેલી છે. શિયાળામાં આ પ્રદેશ બરફથી ઢંકાઈ જાય છે. આવા એક પહાડની ગુફામાં બનારસના પંડિતોના કુટુંબમાં જન્મેલો ૧૯ વર્ષનો એક યોગી નામે મધુકર શરીર પર માત્ર લંગોટી ધારણ કરી, આંખો બંધ કરી ધ્યાનમગ્ન દશામાં બેઠો છે. એ વખતે ત્યાં એક વૃદ્ધ ફકીર આવી પહોંચે છે. એના માથાની લીલી પાઘડી મેલી થઈ ગઈ છે, કફની સાવ ચીંથરેહાલ છે. એના હાથ, પગ અને શરીરનાં ખુલ્લાં અંગો પર ચીરા અને ઉઝરડા પડ્યા છે ને એમાંથી લોહી દદડે છે. ભૂખ અને તરસથી એ લગભગ બેભાન થઈ જવાની સ્થિતિમાં છે, પણ યુવાન યોગીને જોતાં એ ખૂબ આનંદમાં આવી જઈ ચિચિયારી પાડતો દોડીને યોગીને ભેટી પડે છે.

ધ્યાનભગ્ન થયેલ યોગી ફકીરને દૂર હડસેલી તિરસ્કારપૂર્વક કહે છે કે, મારાથી દૂર હટો. તમારા જેવા માંસમચ્છી ખાનારા જંગલી લોકો માટે અહીં કોઈ સ્થાન નથી. ફકીર ખૂબ નમ્રતાપૂર્વક કહે છે કે, હે યુવાન યોગી ! હું એક સૂફી છું. છ માસ પહેલાં મારા ગુરુનું અવસાન થયું છે ને એ વખતે તેઓ મને કહેતા ગયા છે કે હવે મારો જવાનો સમય થઈ ગયો છે, પણ તું હિમાલયમાં જા અને બદરીનાથની પાછળની ગુફાઓમાં તને એક યુવાન યોગી મળશે એને શોધી એને શરણે જા. ત્યારથી અનેક કષ્ટો વેઠી શોધતો શોધતો હું અહીં સુધી આવ્યો છું. તમે મારો શિષ્ય તરીકે સ્વીકાર કરો. મારી તમને માત્ર આટલી જ વિનંતી છે. ફકીરે અનેક રીતે વિનંતી કરી જોઈ પણ યોગી કોઈ રીતે માન્યો નહીં ને ફકીરને ત્યાંથી ચાલ્યા જવાનું કહ્યું.

આથી તે ખૂબ નિરાશ થયો ને બોલ્યો, ‘હે યોગી મારી બધી આશાઓ ભાંગીને ભૂકો થઈ ગઈ છે. હવે આ જીવનનો કોઈ અર્થ નથી.’ આમ કહી નીચે વહી રહેલી અલકનંદા નદીનાં ઘૂમરી લેતાં પાણીમાં એણે છલાંગ લગાવી અને પોતાના જીવનનો અંત આણ્યો. પણ આ બનાવની યોગી પર કોઈ અસર થતી નથી. એ પોતે નદીમાં સ્નાન કરી ખડક પર આવીને બેસે છે ને એ જ વખતે એના ગુરુ મહાયોગી શ્રીગુરુબાબાજી પ્રગટ થયા છે. તે બોલ્યા, ‘પ્રિય શિષ્ય મધુ, તેં આ કેવું અવિચારી કૃત્ય કર્યું ? તારી આધ્યાત્મિક પ્રગતિ હવે અટકી ગઈ છે.

તારે તારા આ કૃત્યને ભરપાઈ કરવું પડશે. હવે તારે તારા આ જીવનનો અંત આણી નવો જન્મ લેવો પડશે અને આ ફકીરે જે દુઃખ-દર્દ વેઠ્યાં તે તારે ભોગવવાં પડશે.'

યોગીને હવે પોતાની ભૂલ સમજાઈ. તે પશ્ચતાપ કરે છે અને કહે છે કે, સ્વામી હું તમે કહો તે કરવા તૈયાર છું પણ નવા અવતારમાં તમે મને મળશો ને મને આધ્યાત્મિક માર્ગે આગળ વધવા મદદ કરશો એનું વચન આપો. ગુરુજી કહે છે કે તારા માટે નવાં માબાપની પસંદગી હું કરીશ ને તારા નવા જન્મમાં તારા ગુરુ મારો શ્રેષ્ઠ શિષ્ય મહેશ્વરનાથ છે તે હશે. તે તને સમય પાકતાં મળીને દોરવણી આપતો રહેશે ને યોગ્ય સમયે તને મારાં પણ દર્શન થશે. પણ હવે ઝટ કર, સંધ્યા થવા આવી છે. યોગીએ ખેચરી મુદ્રા ધારણ કરી પોતાનો શ્વાસ થંભાવી દીધો, આજ્ઞાચક્ર પર પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું અને દેહત્યાગ કર્યો. કેટલાંક વર્ષો પછી દક્ષિણ ભારતના તિરુવનન્તપુરમ્ શહેરના એક સુખી મુસ્લિમ કુટુંબમાં ૬ નવેમ્બર ૧૯૪૮ના રોજ એ યોગીનો પુર્નજન્મ થયો. નામ પડ્યું મુમતાઝ અલીખાન. એ જ પાછલા જન્મના મધુકરનાથ અને એ જ આજના પદયાત્રી શ્રી એમ.

શ્રી એમ.ને આઠ વર્ષની ઉંમરે એમના ઘરના વાડામાં ફણસના ઝાડ નીચે મહેશ્વરનાથ મળ્યા. એમણે શ્રી એમ.ના માથા પર અને છાતી પર હાથ ફેરવ્યો અને બસ ત્યારથી એમની આધ્યાત્મિક યાત્રા શરૂ થઈ. બીજાં બાર વર્ષ સુધી કોઈ અજ્ઞાત બળ એમને દક્ષિણ ભારતના હિંદુ સંતો અને મુસ્લિમ ઓલિયાઓ પાસે ખેંચીને લઈ જતું. તેઓ બધા અવધૂત એટલે કે મસ્તાન કક્ષાની વ્યક્તિઓ હતી. એ દરેક સંતે-ઓલિયાએ એમનું હીર પારખી એમને આધ્યાત્મના માર્ગે આગળ વધવા કંઈને કંઈ શક્તિ બક્ષી.

૧૯ વર્ષની ઉંમરે શ્રી એમ. ઘરેથી કોઈને કહ્યા વગર ચાલી નીકળ્યા. હરિદ્વાર જઈ એમણે પોતાનાં કપડાંનો ત્યાગ કર્યો અને ભગવાં વસ્ત્રો અને કમંડળ ધારણ કર્યાં. દાઢીમૂછ કઢાવી નાખ્યાં અને ચોટલી સિવાયના બાકીના માથાનું મુંડન કરાવી નાંખ્યું. હરિદ્વારના એક આશ્રમમાં એમને કેરાલાના શ્રી અય્યર મળ્યા. વાતચીત દરમ્યાન જ્યારે એમણે જાણ્યું કે તેઓ મુસલમાન છે ત્યારે તેમણે કહ્યું, 'તું તારું સાચું નામ કહીશ તો તારો અભ્યાસ આગળ વધારવા આધ્યાત્મિક દિશામાં કોઈ અધિકારી ગુરુ કે સંત દ્વારા દીક્ષિત નહી થઈ શકે માટે તું કોઈ હિંદુ નામ ધારણ કરી લે.' આથી એમના સૂચન મુજબ એમણે પોતાનું નવું નામ શિવપ્રસાદ રાખ્યું.

ત્યાંથી તેઓ ઋષિકેશ ગયા અને સ્વામી શિવાનંદ આશ્રમમાં એક મહિનો રહી યોગ અને ઉપનિષદોનો અભ્યાસ કર્યો. તે પછી ત્યાંના મઠાધિપતિ સ્વામી ચિદાનંદના આશીર્વાદ લઈ તેઓ બદરીનાથ જવા માટે પગપાળા નીકળી પડ્યા. રસ્તે પગરખાં તૂટી જવાથી ખુલ્લા પગે ગરમીમાં ચાલવું પડ્યું. વીસ માઈલ દૂર વશિષ્ઠ ગુફાના સ્થળે તેઓ રાતે પહોંચ્યા. પગે છાલાં પડ્યાં હતાં અને

ફોલ્લા પડ્યા હતા એટલે તે રુઝાય ત્યાં સુધી ૧૫ દિવસ તેઓ ત્યાં રહ્યા ને પછી ત્યાંથી નીકળી ગયા.

ત્યાંથી નીકળી રસ્તે આવતા પાંચ પ્રયાગને પસાર કરી જોષીમઠ પહોંચ્યા. રસ્તામાં ચિત્ર વિચિત્ર વ્યક્તિઓ સાથે મુલાકાતો થતી રહી અને ૨૫ દિવસે તેઓ બદરીનાથ મંદિરે પહોંચ્યા. મંદિરના મુખ્ય પૂજારીનું નામ કેશવન નામ્બુદ્રી હતું. તેઓ રાવલજી તરીકે ઓળખાય ને તે મૂળ કેરાળાના. એટલે શ્રી એમ. સાથે એમણે મલયાલમમાં વાત કરી અને એમના રહેવાની તથા ખાવાપીવાની વ્યવસ્થા કરી દીધી.

શ્રી એમ.નું ધ્યેય તો બદરીનાથ મંદિરની પાછળના પહાડોમાં રહેતા મહાયોગીને શોધીને એમને સમર્પિત થવાનું હતું. એટલે તેઓ રોજ સવારથી સાંજ સુધી વિવિધ ગુફાઓનાં ચક્કર કાપતા. પણ ઘણા દિવસ થયા છતાં એવા કોઈ યોગીનો ભેટો ન થતાં તેઓ ખૂબ નિરાશ થયા અને છેલ્લા દિવસે શોધમાં નીકળ્યા ત્યારે એવો નિશ્ચય કરીને નીકળ્યા કે આજે જો ગુરુજીનો ભેટો ન થાય તો અલકનંદા નદીમાં ભૂસકો મારી જીવનનો અંત આણવો. સવારથી નીકળેલા ને સાંજ પડી ગઈ. રહીસહી આશા પણ ઓસરી ગઈ. ખૂબ નિરાશ વદને વ્યાસ ગુફા આગળથી પસાર થતા હતા ત્યાં એના મુખ પર પ્રકાશ દેખાયો. કુતૂહલથી અંદર ગયા. ત્યાં એમને એક તદન નિર્વસ્ત્ર, ઊંચા, લાંબી જટાવાળા પુરુષનાં દર્શન થયાં. ઘેરા અવાજે તે બોલ્યા ‘મધુ ! અંદર આવ, અત્યાર સુધી તું ક્યાં રખડતો હતો ?’

એ હતા એમના આ જન્મના ગુરુ મહેશ્વરનાથ. તેઓશ્રી એમને નારાયણ પર્વતની પાછળ આવેલા ચરણપાદુકા નામના સ્થળે આવેલી પોતાની ગુફામાં લઈ ગયા અને બીજે દિવસે શ્રી એમ.ની વિશિષ્ટ પ્રક્રિયા દ્વારા કુંડલિની જાગૃત કરી. શ્રી એમ. તે પછી એમની સાથે જુદાં જુદાં સ્થળોએ વિહરતા સાડા ત્રણ વર્ષ રહ્યા. એમની પાસેથી ૧૧ ઉપનિષદોનો અને અન્ય શાસ્ત્રોનો અભ્યાસ કર્યો અને યોગની અતિ ઉચ્ચ અને અતિ ગુપ્ત વિદ્યાઓ મેળવી. શ્રી એમ. એમને બાબાજી તરીકે સંબોધતા અને એમના ગુરુને મહાઅવતાર શ્રીગુરુ બાબાજી તરીકે સંબોધતા.

તે પછી શ્રી એમ.ને લઈને બાબાજી હિમાલયનાં જુદાં જુદાં જાણીતાં પવિત્ર સ્થળોની મુલાકાત લેતા લેતા કેદારનાથની પાસેના ભૈરવ પર્વત પર ગયા. ત્યાંની નજીકના કોઈ સ્થળે શ્રી એમ.ને આંખે પાટા બાંધી ભૂગર્ભ ગુફામાં લઈ જવામાં આવ્યા અને એમના પર કેટલીક યોગિક પ્રક્રિયાઓ કરવામાં આવી. એનાથી એમના મગજનાં કેટલાંક કેન્દ્રો સક્રિય થયાં. આને લીધે તેઓ ઉચ્ચ શક્તિઓ ધરાવતી એક વ્યક્તિ બની ગયા. પણ એ વાત ખાનગી રાખવાનું એમને કહેવામાં આવ્યું. ત્યાંથી નીચે ઊતરતા અનેક સંતોને મળતા તેઓ ઋષિકેશ આવીને નીલકંઠ પર્વત પરની મૌની-બાબાની ગુફામાં લાંબો સમય બાબાજી સાથે રોકાયા. અહીં શ્રીએમ. કૃષ્ણાનંદ શર્મા પાસેથી સંસ્કૃત ભાષા શીખ્યા જેથી આપણાં શાસ્ત્રો જે સંસ્કૃતમાં લખાયાં છે તે મૂળસ્વરૂપે વાંચીને જાણી શકાય.

આમ લગભગ સાડા ત્રણ વર્ષ વિતાવ્યાં પછી એક દિવસે બાબાજીએ શ્રીએમ.ને કહ્યું કે, 'તારે જે શીખવાનું હતું તે બધું તેં શીખી લીધું છે. તારું હૃદયકમળ પણ પૂર્ણ વિકસિત થઈ ગયું છે, માટે હવે મારી વિદાય લઈ તારાં માતા-પિતા પાસે પહોંચી જા. તારે ધર્મની બને તેટલી વિવિધ શાખાઓનો ઉપદેશ સમજવાનો છે અને પ્રખ્યાત આશ્રમોમાં તારે રહેવાનું છે. રામકૃષ્ણ મઠમાં થોડો સમય જરૂર રહેજે અને તારું પ્રશિક્ષણ પૂરું કરવા શ્રી જે. કૃષ્ણમૂર્તિને મળજે. તું સામાન્ય વ્યક્તિ તરીકે જ જીવજે ને તારી પાસે વિશેષ જ્ઞાન અથવા વિશેષ શક્તિઓ છે તે બાબત ગોપિત રાખજે. સમય આવતાં તને મારો સંકેત મળે ત્યારે શિક્ષણ અને ઉપદેશ આપવાનું તું ચાલુ કરજે. શ્રીગુરુની પણ ઇચ્છા છે કે તારે લગ્ન કરી, સંતાન પ્રાપ્ત કરી, ગૃહસ્થજીવન સંપૂર્ણ રીતે ગાળવું.' આ આદેશ મળતાં શ્રી એમ. પોતાનાં માતા પિતા પાસે પહોંચી ગયા. તેમની મા તથા બે બહેનો એમને જોઈને ખૂબ ખૂબ રાજી થયાં. કારણ, એમ.ના તરફથી વર્ષો થયાં કોઈ સમાચાર મળ્યા ન હતા તેથી તેઓ જીવિત છે કે કેમ તે પણ તેઓ જાણતાં ન હતાં. પિતાજીની નારાજગી થોડાક દિવસ રહી પછી તે શમી ગઈ.

ઘેર આવ્યા પછી લગભગ એક વર્ષ પછી શ્રી એમ.ને સ્વપ્નમાં બાબાજીનો સંદેશો મળ્યો કે અજમેર આવ. આથી તેઓ અજમેર ગયા ને બાબાજી સાથે સૂફી સંત ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તીના મકબરાનાં દર્શન કર્યાં. પછી તેઓ નજીકની મસ્જિદમાં રહેતા સૂફી સઈદ ગદ્દરી શાહને મળ્યા. અહીં તેઓએ ત્રણ અઠવાડિયાં રહી સૂફીવાદનો ટૂંકો અભ્યાસ કર્યો. અજમેરથી આવ્યા પછી શ્રીએમ. ફાર્મસીના વિદ્યાર્થી તરીકે કૉલેજમાં જોડાઈ ગયા. પણ, બીજા વર્ષના બીજા સત્રને અધવચ્ચેથી છોડી દઈ સંકેત મળતાં તેઓ મુંબઈમાં ખાર ખાતે રામકૃષ્ણ મિશનનો આશ્રમ છે ત્યાં પહોંચી ગયા ને ત્યાં દોઢ વર્ષ રહી અભ્યાસ કર્યો અને સેવા કરી. ત્યાંથી નીકળી તેઓ કલકત્તા જઈ દક્ષિણેશ્વર પહોંચ્યા. બાબાજી ત્યાં એમને મળ્યા અને બન્નેએ મા કાલીનાં દર્શન સાથે કર્યાં અને રામકૃષ્ણ અને શારદામણી દેવી સાથે સંકળાયેલાં સ્થળો પણ જોયાં. પછી બાબાજીની સૂચના અનુસાર જગન્નાથપુરી થઈ તેઓ ઘરે પાછા ફર્યા.

આઠ મહિના પછી તેઓ ફરીથી હિમાલયની યાત્રાએ નીકળ્યા. તેઓ મિહિરતોલામાં આવેલા શ્રીકૃષ્ણપ્રેમે સ્થાપેલા ઉત્તર વૃંદાવન આશ્રમમાં ગયા ને શ્રી માધવ આશિષ ને મળ્યા. ત્યાંથી નીકળી તેઓ માયાવતી ગામે વિવેકાનંદ સ્થાપેલા અદ્વૈત આશ્રમમાં ગયા ને ત્યાં એક ઇરાકી ડૉક્ટર જે રામકૃષ્ણ સંપ્રદાયમાં દીક્ષા લઈ સાધુ બન્યા હતા તેમને મળ્યા. તેમણે શ્રીએમ.ને બનારસના રામકૃષ્ણ સેવા આશ્રમના વડા પર ભલામણપત્ર લખી આપ્યો જેથી શ્રીએમ. જ્યારે બનારસ જાય ત્યારે ત્યાં સહેલાઈથી રહી શકે. ત્યાંથી નીકળી રાણીખેત અને અલ્મોડા વચ્ચે આવેલા ક્યાંચીમાં અવધૂત મહારાજ નીમકરોલી બાબાને મળ્યા. બાબાએ એમને પ્રેમથી પોતાની પાસે બોલાવ્યા ને પ્રસાદમાં સફરજન આપી ખાઈ જવાનું કહ્યું.

ત્યાંથી નીકળી તેઓ બનારસમાં રામકૃષ્ણ સેવા આશ્રમમાં ગયા. બનારસમાં તેઓ એક અઘોરીને પણ મળ્યા, જે અતિ સૌન્દર્યવાન યુવાન હતો. પણ, ધારે ત્યારે ગંદો, ગોબરો, ચીતરી ચડે એવો ભયાનક દેખાવ ધારણ કરી શકતો હતો. ત્યાંથી તેઓ કલકત્તા બેલુર મઠમાં ગયા. ત્યાંથી તેમને બિહાર નજીક આવેલા રાજ્ય દેવઘરમાં આવેલી રામકૃષ્ણ વિદ્યાપીઠમાં છાત્રો માટેની હોસ્ટેલના ગૃહપતિ તરીકે ફરજ બજાવવા મોકલવામાં આવ્યા. ઉપરાંત ઉપલા વર્ગના વિદ્યાર્થીઓને તેઓ અંગ્રેજી ભણાવતા. ત્યાં એક વર્ષ રહ્યા પછી ગુરુની સૂચનાથી તેઓ ઘેર પાછા આવી ગયા. પિતા હવે ચેન્નાઈમાં ફાર્મસીનો ધંધો કરતા હતા. ચેન્નાઈના રામકૃષ્ણ મિશનના વડા સ્વામી તપસ્યાનંદે એમને ગુરુપૂર્ણિમાના દિવસે ‘મૂળ’ મંત્ર આપ્યો અને શ્રીરામકૃષ્ણ મિશનની દીક્ષા આપી.

ત્યાંથી બાબાજીનો આદેશ મળતાં તેઓ જ્ઞાનેશ્વર મહારાજની જ્યાં સમાધિ છે તે પૂના પાસે આળંદી ગયા અને ત્યાં ચાર દિવસ રહ્યા. ત્યાંથી એક નવયુવક જે શ્રી એમ.ને જ્ઞાનેશ્વર જ લાગ્યા, એમના દ્વારા બાબાજીનો સંદેશો મળ્યો કે એમણે શિરડી જવું. શ્રી એમ. બસ દ્વારા શિરડી ગયા ત્યાં એમને બાબાજી મળ્યા. એમની સાથે શ્રીએમ. ચાવડીનાં લાકડાનાં બંધ બારણાંની આરપાર થઈ અંદર ગયા. ત્યાં એમને સાંઈબાબાનાં સદેહે દર્શન થયાં. સાંઈબાબાએ એમને ચોળાયેલી થોડીક નોટો આપી અને કહ્યું કે તું ગંગાપુર, પિથાપુર અને અક્કલકોટ જા. શ્રી એમ. ત્યાંથી નીકળી ગંગાપુર, અક્કલકોટ, પિથાપુર અને માણીકનગર ગયા. જ્યાં ભગવાન દત્તાત્રેયના અવતાર મનાતા સંતોની સમાધિઓ છે. માણીકનગરમાં બાબાજી એમને મળ્યા ને ચેન્નાઈ જવાની સૂચના આપી પણ તે પહેલાં તીરુવન્નામલાઈની પર્વતમાળા પર જઈ રમણ મહર્ષિની સમાધિ પર થોડો સમય રહેવાની આજ્ઞા આપી. ત્યાં જતાં પહેલાં તેઓ કાંચીપુરમ્ જઈ કાંચીમઠના શંકરાચાર્ય શ્રી ચંદ્રશેખરેન્દ્ર સરસ્વતીને મળ્યા. ત્યાંથી નીકળી તેઓ તીરુવન્નામલાઈ ગયા ને ત્યાં ત્રણ દિવસ રોકાયા. ત્યાં તેઓ પંખાબાબા ને પણ મળ્યા. ત્યાંથી તેઓ ચેન્નાઈ પોતાના ઘેર પાછા ફર્યા. પછી આંદામાન જઈ પત્રકાર તરીકે એક વર્ષ રહી આવ્યા. પછી દિલ્હીમાં આવી આર.એસ.એસ.ના મુખપત્ર ઓર્ગેનાઈઝરમાં તથા દીનદયાળ રિસર્ચ ઇન્સ્ટિટ્યુટ તરફથી પ્રગટ થતા સામાયિક મંથનમાં કામ કર્યું. આ ગાળામાં તેઓ કાશ્મીર ગયા ને ત્યાં કાશ્મીરી શૈવ પંથના પ્રચંડ યોગી સ્વામી લક્ષ્મણ જુને મળી એમના આશીર્વાદ પામ્યા. દિલ્હીમાં હતા એ જ વખતે શ્રી જે. કૃષ્ણમૂર્તિનું પ્રવચન એમણે પહેલીવાર સાંભળ્યું ને તેમનાથી ખૂબ અભિભૂત થયા. કૃષ્ણમૂર્તિના ઘનિષ્ઠ સંપર્કમાં આવવાના હેતુથી તેઓ ચેન્નાઈ પોતાના ઘેર પાછા ફર્યા ને કૃષ્ણમૂર્તિ મથકમાં રહી શકવા માટેના પ્રયત્નો આદર્યા.

ચેન્નાઈના કૃષ્ણમૂર્તિ સેન્ટરના ઉપપ્રમુખ શ્રી અચ્યુત્ પટવર્ધને ‘વસંતવિહાર’ તરીકે ઓળખાતા મુખ્ય મથકમાં એમને રહેવાની રજા આપી અને

ભોજનખંડની બાજુના એક ઓરડામાં રહેવાની વ્યવસ્થા કરી આપી. નવેમ્બર માસમાં કૃષ્ણમૂર્તિ વસંતવિહાર આવ્યા પછી ત્રણ ચાર દિવસ પછી એમને કૃષ્ણમૂર્તિને પ્રત્યક્ષ મળવાની તક મળી. તે પછી કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશનમાં તેઓએ દસ વર્ષ સુધી સેવાઓ આપી. ત્યાં અચાનક એક દિવસ એમને સૂચના મળી કે ચાર દિવસમાં મૌનીબાબાની ગુફા જે ઋષિકેશના નીલકંઠ પર્વત પર છે ત્યાં બાબાજીને મળવું.

શ્રીએમ. મૌની બાબાની ગુફામાં એમના ગુરુ બાબાજીને મળ્યા ત્યારે એમણે કહ્યું કે, હવે હું દેહ છોડવાનો છું. તેથી તેમાં મદદ કરવા તને બોલાવ્યો છે. એક એકાંત જગાએ ચોક્કસ માપનો ઊંડો ખાડો શ્રી એમ. પાસે ખોદાવ્યો જેમાં બે દિવસ ગયા. બાબાજી ખાડામાં ઊતર્યા અને પદ્માસનમાં બેસી ઝડપથી શ્વાસોચ્છ્વાસ ભર્યા. એમની આંખો આજ્ઞાચક્ર પર કેન્દ્રિત થયેલી હતી. છેલ્લો શ્વાસ ખૂબ જોરથી કાઢ્યો ને પછી એમનો દેહ શાંત થઈ ગયો. એમના મસ્તકના ઉપરના ભાગમાંથી મેઘધનુષ્યના રંગોથી છવાયેલો પ્રકાશ બહાર આવ્યો ને તે સીધો શ્રી એમ.ના હૃદયમાં પ્રવેશ્યો. એમનું વ્યક્તિત્વ તે જ ક્ષણે હંમેશને માટે રૂપાંતરિત થઈ ગયું. તે પછી બાબાજીની શક્તિ એમનામાં કાર્ય કરવાની હતી. શ્રી એમ.એ ખાડો પૂરી દીધો ને ઉપર ઘાસ પાથરી ખાડો છુપાવી દીધો. પછી ગુફા પર જઈને સ્થિર ચિત્તે સૂઈ ગયા.

ચેન્નાઈ પાછા આવી વસંતવિહારમાં તેઓ પોતાના કામે લાગી ગયા. ૧૯૮૬માં શ્રી જે. કૃષ્ણમૂર્તિએ પોતાની જાતને કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશનથી અલગ કરી દીધી અને વસંત વિહારની વ્યવસ્થા સાથે સંકળાયેલા બધા કર્મચારીઓને છૂટા કરી દીધા. તેથી રોજબરોજનાં કાર્યો માટે નવું વ્યવસ્થાતંત્ર શ્રી એમ. પર ઘણો આધાર રાખતું હતું. કૃષ્ણમૂર્તિને એમના શયનખંડથી વ્યાસપીઠ સુધી જવા માટે શ્રીએમ.ને સાથે રહેવું પડતું અને એમના કોલર પર માઈક્રોફોન લગાડવાનું તથા પછીથી કાઢી લેવાની જવાબદારી પણ એમના માથે હતી. ૧૯૮૬ની ચોથી જાન્યુઆરીની રાતે અમેરિકામાં આવેલા આશ્રમ ઓજાઈ જતી વખતે કૃષ્ણમૂર્તિને હવાઈ મથકે મૂકવા શ્રી એમ. ગયા હતા. ૧૯૮૬ની ૧૭મી ફેબ્રુઆરીએ કૃષ્ણજીએ દેહ છોડ્યો.

કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશનમાં કામ કરતા હતા એ ગાળામાં જ એમની ઓળખાણ એક સુનંદા સનદી નામની ૨૫ વર્ષની સુંદર સારસ્વત બ્રાહ્મણ યુવતી સાથે થઈ. જે ઋષિવેલી સ્કૂલમાં અંગ્રેજી વિષયનાં શિક્ષિકા હતાં. શ્રી એમ. એ વખતે ૩૫ વર્ષની વયના હતા. બન્ને એક બીજાના પ્રેમમાં પડ્યાં અને બન્નેનાં વડીલોની મંજૂરીથી એમનાં હિંદુ વિધિથી લગ્ન પણ થઈ ગયાં.

કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન દ્વારા આંધ્રપ્રદેશમાં 'ઋષિવેલી સ્કૂલ' ચલાવવામાં આવતી હતી. એ સ્કૂલથી અર્ધા કલાકના રસ્તે કર્ણાટકમાં 'ધ નીલબાગ સ્કૂલ' આવેલી હતી. એના સ્થાપકનું મૃત્યુ થવાથી ને એના વારસો સ્કૂલ ચલાવી શકે તેમ ન હોવાથી એમણે એ સ્કૂલ ઋષિવેલી સ્કૂલને વેચાતી આપવાનો નિર્ણય લીધેલો. એ શાળાને સંભાળવાનું કામ શ્રી એમ. એ લીધું ને સુનંદા ત્યાં શિક્ષિકા તરીકે રહ્યાં ને આમ

તેમણે ત્યાં દસ વર્ષ કાઢ્યાં. કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશનમાંથી શ્રી એમ.એ રાજીનામું આપ્યું. અહીં એમ.ને બે બાળકો થયાં - પુત્ર રોશન અને પુત્રી આયેશા.

બેંગલોરની થિયોસોફીકલ સોસાયટીમાં શ્રીએમ. એ પહેલીવાર પ્રવચન આપ્યું, જે ઘણું વખણાયું ને તે પછી પ્રવચનોની હારમાળા સર્જાઈ. અહીંથી એમનાં લખેલાં પુસ્તકો પ્રકાશન કરવાનું શરૂ થયું. પુસ્તકના પ્રકાશન માટે પ્રકાશક જોઈએ તેથી પુસ્તક પ્રકાશિત કરવા માટે અને સત્સંગની વ્યવસ્થા કરવા માટે 'સત્સંગ ફાઉન્ડેશન'ની સ્થાપના કરવામાં આવી. એનું પહેલું છપાયેલું પુસ્તક તે 'ધી લીટલ ગાઈડ ટુ ગ્લોરી એન્ડ હેપીયર લાઈફ'.

આંધ્ર અને કર્ણાટકની બોર્ડર નજીક મદનપલ્લી ગામ પાસે શ્રીએમ. એ અગાઉ પા એકર જમીન ખરીદી હતી. તે જમીન પર વ્યાજે પૈસા લઈ એમણે પોતાનું ઘર બાંધ્યું ને ગરીબ બાળકોને મફત ભણાવવાની શાળા ત્યાં ખોલી તથા સત્સંગ શરૂ કર્યો. થોડાંક વર્ષો પછી તિરૂપતિની નજીક જંગલમાં ટેકરીઓ અને નાનકડાં તળાવની પાસે નૈસર્ગિક વાતાવરણમાં 'પીપલ ગ્રોવ સ્કૂલ' અને આઈ.સી.એસ.આઈ. બોર્ડિંગ શાળા શરૂ કરી તેનું ઉદ્‌ઘાટન તે વખતના રાષ્ટ્રપતિ શ્રી અબ્દુલ કલામે કરેલું.

છેલ્લાં કેટલાંક વર્ષોથી શ્રી એમ. ભારતમાં અને ભારત બહાર જુદાં જુદાં સ્થળોએ પ્રવચન આપવા જાય છે ને સાથે સાથે પોતે સ્થાપેલી સંસ્થાઓને સુચારુ રીતે ચલાવે છે.

દેશની સામાજિક સમસ્યાઓ અને વધતી જતી ધાર્મિક અસહિષ્ણુતા તથા સ્ત્રીઓ સાથે થતા અત્યાચારોથી એમનું કાળજું કંપે છે. લોક લોક વચ્ચે સંવાદ સધાય, ભાઈચારો વધે, સંવેદનશીલતા જાગૃત થાય, દેશદાઝ પ્રગટે એ હેતુથી એમણે એક પદયાત્રા કરવાનો નિશ્ચય કર્યો. કન્યાકુમારીના ગાંધી મેમોરિયલ મંડપમ્‌થી ૧૨ જાન્યુઆરી ૨૦૧૫ જે સ્વામી વિવેકાનંદની જન્મ જયંતી છે તે દિવસથી એમની પદયાત્રા શરૂ થઈ છે. તે ૬૫૦૦ કિ.મી.ની મજલ કાપીને ૧૫ થી ૧૮ મહિનામાં જમ્મુ કાશ્મીરમાં પૂર્ણ થશે. ❑

### શ્રી નંદુભાઈને

ઝવેરી ધંધાર્થે ખુદ બની ગયા મૌક્તિક સમા,
ગુમાને ના જેની શીતળ ત્વચા કોદી' ચળકતી,
પડો આઝાદીનો સુમી અવગણી વૈભવ ઉઠ્યા,
નિજાત્માની મુક્તિ પણ ચહી, ત્યજી મોહમમતા.

ગુરૂની આજ્ઞાની સકળ સ્થળ યાત્રા પણ કરી,
અને જે ઊર્મિઓ નડતી રહી અધ્યાત્મપથમાં,
બધી યે ઓગાળી-શરણ પથદર્શી પરમનું,
સ્વીકાર્યું ને સેવી ગુરૂચરણ કાર્યાન્વિત રહ્યા.

ઘણું શીખ્યા, લાધ્યા અનુભવ ઘણા અર્થસભર,
અધૂરા જ્ઞાનીશી કરી દલીલ ના તર્કવિહીન,
સદા આંતર દૃષ્ટિ, રગ રગ રહી નમ્ર પ્રતિભા,
સ્વભાવે આનંદી, વિનિત ધરી સૌ આદત વળી.

ખીલી જેની શોભા શત શત દલે સ્વાર્પણ તણી
ટળે ના શું તેની વિપદ પછી આવાગમનની !

*કૃષ્ણાનંદ સ્વામી (ભાદરણ)*

## (૧૩) સ્વસુખાર્થે પરપીડનની વૃત્તિવાળી સંસ્કૃતિ નાશ પામે છે : ઈતિહાસ

શ્રીમોટા

આપણી આ પૃથ્વીના પટ ઉપર ઘણી સંસ્કૃતિઓ થઈ ગઈ. ઈતિહાસ જેણે વાંચ્યો છે તે આ અંગે જાણે છે. કેટલીય સંસ્કૃતિઓ જન્મી, ઉદય પામી, વિકાસને પંથે આવી, શિખરે પહોંચી અને પડી ભાંગી.

એક કાળે રોમન સંસ્કૃતિ એટલી પ્રચંડ હતી કે બાળક જન્મે તે જો સશક્ત હોય, તો તેને જીવવા દેવું. બાળક જન્મે એટલે તેને ઊંચી ટેકરી ઉપરથી ફેંકતા અને જીવે તો જીવવા દેતા. એ લોકોએ ઘણે ઠેકાણે લડાઈઓ કરીને ઘણાં રાજ્યો સ્થાપેલાં. એવું જ ઈજિપ્તમાં પણ હતું.

સંસ્કૃતિઓના પતનનું કારણ તપાસીએ તો જણાશે કે જ્યારે માનવીઓમાં જીવપ્રકારની વૃત્તિઓની અભિવૃદ્ધિ થતી એટલે કે પોતાનું જ હિત વિચારવું અને બીજાનું ભલે જે થવું હોય તે થાય. પરિણામે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર વગેરેની વૃદ્ધિ થઈને **પોતાના જ એકમાત્ર સુખનો વિચાર થયા કરે ત્યારે એનો નાશ થાય છે.** આજે ઘણી સંસ્કૃતિઓનું એવું જ છે. ઘણી બધી સંસ્કૃતિઓ પડું પડું થઈ રહેલી છે અને હું તો એને પડી ભાંગેલી જ ગણું છું.

જે પશ્ચિમની સંસ્કૃતિ છે, તેમાં પણ પોતે કેમ સુખી થવું એની જ શોધો કરી છે અને એ શોધો એવી છે કે એના વડે એ લોકોનો નાશ કરે અને પોતે પણ નાશ પામે.

દેવદાનવના યુદ્ધ વેળા દાનવોની એવી એકમાત્ર વૃત્તિ હતી કે દેવોને હરાવવા-એમનો નાશ કરવો, એ જ એમનું ધ્યેય હતું. રાવણે ભયંકર તપ કરેલું. એનામાં એવી શક્તિ હતી કે જેના જોરે દેવોની સંસ્કૃતિનો નાશ કરવો. રાવણનું તપ આસુરી હતું. જ્યારે તપ કરીએ ત્યારે મન, ચિત્ત, પ્રાણ અને અહમ્‌ની શુદ્ધિ થવી જોઈએ. એ જ સાચું તપ અન્યથા એ તપ એ નાશને પંથે લઈ જશે.

અમેરિકા, રશિયાની એ જ સ્થિતિ છે. આ બંને એકબીજાથી ડરે છે, એટલે એ લોકો ડરના માર્યા લડતા નથી. એ લડે તો એ બંને લોકો નાશ પામે અને આખી પૃથ્વીને પણ એની ખબર પડે.

એટલે મૂળ વાત-આખી પૃથ્વી પર જે સંસ્કૃતિઓ થઈ તે કાળે કરી નાશ પામી. તેનું કારણ એ જ કે પોતાના સુખમાં રાચીએ પછી ભલે બીજાને દુઃખ, નુકસાન, હેરાનગતિ થતી હોય તો ભલે થાય. **આવી સંસ્કૃતિ નાશ પામે એમ ઈતિહાસ કહે છે.** આમાંથી મનુષ્ય જીવ બિચારો ધડો લેવાનું જાણતો નથી.

ઈતિહાસ આ જુએ છે કે કેટલીયે સંસ્કૃતિઓ આવી અને ચાલી ગઈ. મનુષ્યજાતે ઈતિહાસમાંથી જાણ્યું છે અને અનુભવ્યું છે. અસુરોએ શક્તિ મેળવી અને નાશ પામ્યા. એ લોકોએ શક્તિનો ઉપયોગ પોતાના ઉપભોગ માટે કર્યો. એ લોકોનાં મન, બુદ્ધિ, ચિત્ત અને પ્રાણની શુદ્ધિ નહોતી અને અહંકાર ખૂબ વધાર્યો. આ બધાંની શુદ્ધિ થવી જોઈએ.

'મૌનમંદિરમાં પ્રભુ' ચોથી આ., પૃ. ૪૦ ❑



શ્રીસાંઈબાબાના સ્થાન શીરડી પાસે આવેલ સાકુરીમાં
પૂજ્ય શ્રીઉપાસનીબાબાનું સ્થાન છે.
મહાત્મા ગાંધીજીએ કસ્તૂરબા સાથે એ મુક્તાત્માની
મુલાકાત લીધી હતી, તે સમયની આ તસવીર છે.

**HARIBHAV OCTOBER - 2015**

"RNI No. of RNP is 65683/96
Registered under Postal Registration No. GAMC/1208/2015-2017
Valid upto 31st December -2017 issued by the SSPO's AHMEDABAD City Division,
Permitted to post at Ahmedabad PSO on 10th of every month"
Licence to post without Prepayment of postage No. CPMG/GJ/91/2017
valid upto 31-12-2017

संसारविघ्न-निवारक

॥ दादा भगवान त्रिमंत्र ॥

१. नमो अरिहंताणं
नमो सिद्धाणं
नमो आयरियाणं
नमो उवज्झायाणं
नमो लोए सव्वसाहूणं
एसो पंच नमुक्कारो
सव्व पावप्पणासणो
मंगलाणं च सव्वेसिं
पढमं हवइ मंगलं

२. ॥ ॐ नमो भगवते वासुदेवाय ॥

३. ॥ ॐ नमः शिवाय ॥

॥ जय सच्चिदानंद ॥

## 'હું શુદ્ધાત્મા છું'



## 'હું વિજ્ઞાન-સ્વરૂપ છું'

'અક્રમવિજ્ઞાન', સપ્ટેમ્બર ૨૦૧૫ના ટા.પે.૧ ઉપરથી સાભાર

Printed and Published by PRABHUDAS D. JANI on behalf of HARIWANI TRUST and
Printed at Sahitya Mudranalaya Pvt. Ltd., 55/15, City Mill Compound, Kankaria Road,
Ahmedabad - 380 022 and published from Hariwani Trust,
B/5, Swastik Apartment, Narayannagar, Paldi, Ahmedabad - 380 007
Editor - PRABHUDAS D. JANI E-mail : hariwanitrust@gmail.com